RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 200* Date: 11.05.2023, Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

કર્ણાટકમાં ઉત્સાહપૂર્ણ મતદાનઃ અનેક દિગ્ગજોએ વોટ નાખ્યા

## કર્ણાટક વિધાનસભાની ૨૨૪ બેઠકો ઉપર સરેરાશ ૬૨ ટકા મતદાન, ત્રણ જગ્યાએ હિંસક ઘટનાઓ સામે આવી


(એ.આર.એલ),બેંગ્લુરુ,તા.૧૦

કર્ણાટક વિધાનસભાની ૨૨૪ બેઠકો પર આજે સવારે ૭ વાગ્યાથી કડક સુરક્ષા બંદોબસ્ત વચ્ચે મતદાન શરૂ થયું હતું જે સાંજના પાંચ વાગ્યા સુધી ચાલ્યું હતું. મતદારોએ ભારે ઉત્સાહપૂર્વક મતદાનમાં ભાગ લીધો હતો. અનેક દિગ્ગજોએ મતદાન કર્યું હતું જેમાં ફિલ્મ અભિનેતાઓનો પણ સમાવેશ થાય છે. આ વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ, કોંગ્રેસ અને જેડી (એસ) વચ્ચે ત્રિપાંખીયો જંગ છે આ ચૂંટણીમાં મતદાન માટે નવનિર્મિત ઈવીએમનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ભાજપ ૨૨૪ સીટો પર અને કોંગ્રેસે ૨૨૩ સીટો પર ઉમેદવારોને મેદાને ઉતાર્યા હતાં વડાપ્રધાન મોદીએ મતદાન શરૂ થાય તે પહેલા લોકોને ભારે સંખ્યામાં મતદાનની અપીલ કરી હતી મતદાન કરવા કન્નડ અભિનેતા રમેશ અરવિંદ પહોંચ્યા હતા કર્ણાકટના મુખ્યમંત્રી અને શિણગાંવ વિધાનસભા ક્ષેત્રના ભાજપના ઉમેદવાર બસવરાજ બોમ્બાઈ પણ વોટ આપવા મતદાન કેન્દ્ર પહોંચ્યા હતા. તેમણે મત આપતા પહેલા ગાયત્રી મંદિરમાં પૂજા-અર્ચના કરી હતી. તો કર્ણાટકના કાર્યકારી અધ્યક્ષ ઈશ્વરચંદ્ર ખદ્રેએ પોતાના બીદરના ભાલ્કી ક્ષેત્રમાં મતદાન કર્યું હતુ. કર્ણાટક વિધાનસભાના પૂર્વ ડેપ્યુટી સીએમ અને કોંગ્રેસ નેતા જી.પરમેશ્વરે તુમકુડમાં મતદાન કર્યું હતુ.કર્ણાટકમાં મતદાન દરમિયાન ત્રણ જગ્યાએ હિંસક ઘટનાઓ બની છે. વિજયપુરા જિલ્લાના બસવાના બાગેવાડી તાલુકામાં ગુસ્સે ભરાયેલા ગ્રામજનોએ કેટલાક ઈવીએમ અને વીવીપીએટી મશીન તોડી નાખ્યા હતા, પોલીસે જણાવ્યું હતું. તેઓએ મતદાન અધિકારીઓના વાહનોને પણ નુકસાન પહોંચાડ્યું હતું. અધિકારીઓ મશીનો બદલીને મતદાન સાથે છેડછાડ કરી રહ્યા હોવાની અફવાઓ અહીં ફેલાઈ હતી. બીજી ઘટના પદ્મનાભ વિધાનસભાના પપૈયા ગાર્ડન પોલિંગ બૂથ પર બની, જ્યાં લાકડીઓથી સજ્જ કેટલાક યુવાનોએ તેમના વિરોધીઓ પર હુમલો કર્યો. આ હુમલામાં મતદાન કરવા આવેલી કેટલીક મહિલાઓને પણ ઈજા થઈ હતી. ત્રીજી ઘટના બલ્લારી જિલ્લાના સંજીવરાયણકોટ ખાતે બની હતી, જ્યાં કોંગ્રેસ અને ભાજપના કાર્યકરો વચ્ચે મારામારી થઈ હતી.

ઈન્ફોસીસના નારાયણ મૂર્તિએ બેંગ્લોરમાં મતદાન કર્યું હતુ. તે નારાયણમૂર્તિના પત્ની અને જાણીતા લેખિકા સુધા મૂર્તિ બેંગ્લોરના મતદાન કેન્દ્રમાં વોટ આપ્યો હતો. આ તકે સુધા મૂર્તિએ લોકોને વોટીંગ કરવા અપીલ કરી હતી.પૂર્વ સીએમ યેદીયુરપ્પા, નાણામંત્રી નિર્મલા સીતારામે પણ મતદાન કર્યું હતુ.કર્ણાટકના સીએમ બસવરાજ બોમાઈએ શિગગાંવમાં મતદાન કર્યું છે. આ દરમિયાન તેમણે કહ્યું કે હું કર્ણાટકની જનતાને અપીલ કરવા માંગુ છું કે તેઓ ૫ વર્ષ સુધી કર્ણાટકના ભવિષ્ય માટે તેમના મત અને મતદાનના અધિકારનો ઉપયોગ કરે. કર્ણાટક વિધાનસભાની ૨૨૪ બેઠકો માટે આજે મતદાન યોજાયું હતું મતદાન માટે રાજયભરના ૫૮,૫૪૫ મતદાન મથકો પર કુલ ૫,૩૧,૩૩,૦૫૪ મતદારોમાંથી સરેરાશ ૭૦ ટકા મતદાન કર્યું હતું આ મતદારો ૨,૬૧૫ ઉમેદવારોના ભાવિનો નિર્ણય ઈવીએમમાં સીલ કર્યો હતો આ તમામે તમામ ઉમેદવારોનું ભાવિ આવતી ૧૩ મે જાહેર થશે નાણામંત્રી નિર્મલા સીતારમણે કર્ણાટક ચૂંટણી દરમિયાન બજરંગ દળ-બજરંગ બલી વિવાદ પર પ્રતિક્રિયા આપી. તેમણે કહ્યું કે અમે હંમેશા હનુમાન ચાલીસાનો પાઠ કરીએ છીએ અને બજરંગ બલિની પૂજા કરીએ છીએ, પરંતુ કોંગ્રેસે ચૂંટણી દરમિયાન પોતાના ઘોષણાપત્રમાં આવો ઉલ્લેખ કર્યો છે, આ મૂર્ખતાનું ઉદાહરણ છે. સવારે જયારે મતદાન શરૂ થયું ત્યારે મતદાન ધીમુ રહ્યું હતું જો કે ત્યારબાદ મતદાનની ટકાવારીમાં વધારો થયો હતો પ્રથમ વખત મતદાન કરતા મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.વૃધ્ધ મહિલાઓએ પણ મતદાન કર્યું હતું.એક મતદાન કેન્દ્ર પર લગ્નના ફેરા લેતા પહેલા મતદાન કરવા માટે મતદાન મથકે પહોંચી હતી.

સામાન્ય લોકો ઉપરાંત સેલિબ્રિટી અને રાજનેતાઓ પણ વોટ આપવા આવવા લાગ્યા છે. અભિનેતા પ્રકાશ રાજે શાંતિનગર સ્થિત સેન્ટ જોસેફ ઈન્ડિયન સ્કૂલ ખાતે મતદાન મથક પર પોતાનો મત આપ્યો. કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી અને બીજેપી નેતા બીએસ યેદિયુરપ્પાએ પોતાનો મત આપતાં પહેલાં શિકારીપુરમાં હુચ્છારાયા સ્વામી મંદિર અને રાઘવેન્દ્ર સ્વામી મઠની મુલાકાત લીધી હતી. બેંગલુરુમાં મતદાન કર્યા બાદ અભિનેતા પ્રકાશ રાજે કહ્યું હતું કે અમારે સાંપ્રદાયિક રાજનીતિ સામે મતદાન કરવું પડશે. પસંદગી એ છે જ્યાં તમને નિર્ણય લેવાનો અધિકાર છે.કન્નડ અભિનેત્રી અમૂલ્યા તેના પતિ સાથે બેંગલુરુના આરઆર નગર ખાતે મતદાન કરવા માટે પહોંચ્યાં હતાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના મહાસચિવ દત્તાત્રેય હોસાબલે કર્ણાટક ચૂંટણી માટે પોતાનો મત આપ્યો હતો સિદ્ધગંગા મઠના સિદ્ધલિંગા સ્વામી તુમકુરુમાં મતદાન કરવા મતદાન મથક પર પહોંચ્યા હતાં.

### ફોટોગેલેરી




## ‘વિશ્વ હિન્દુ પરિષદ’નાં સંગઠન મંત્રી મિલિન્દજી પરાંડેએ થાણા- મુંબઈમાં સમસ્ત મહાજન સંચાલિત એનિમલ એમ્બ્યુલન્સની મુલાકાત લીધી



વૈશ્વિક સ્તરે જળ, જન, જમીન, જંગલ, જનાવરની સેવામાં કાર્યરત સમસ્ત મહાજનનાં કાર્યોમાં મુખ્યત્વે શિક્ષણ, આરોગ્ય, રેસ્ક્યુ વર્ક, ગૌશાળા અને પાંજરાપોળોને સહાય તેમજ સ્વનિર્ભર બનાવવા, સ્વનિર્ભર ખેતી, જળ સંચય, જીવદયા રથ, ભોજન રથ, સામાજિક ઉત્થાન, ખાસ કરીને કુદરતી કે માનવસર્જિત આફતો દરમિયાન તાત્કાલિક સહાય, પશુઓની કતલ તેમજ બલી અટકાવવી, રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે જીવદયા, ગૌસેવા, માનવસેવા સહિતનાં અનેકવિધ સત્કાર્યોનો સમાવેશ થાય છે. વર્તમાન સમયમાં મુંબઈ ખાતે રાષ્ટ્ર સંત પરમ ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબનાં આશિર્વાદથી ‘અર્હમ અનુકંપા’ પ્રોજેક્ટ હેઠળ ૧૧ સુપર સ્પેશીયાલીટી એનીમલ એમ્બ્યુલન્સની શરૂઆત કરવામાં આવી છે. જે અંતર્ગત હજારો જીવોને સ્થળ પર જ સારવાર તેમજ અભયદાન પ્રાપ્ત થયું છે અને તેમની જિંદગીઓ પણ બચી છે. સમગ્ર ભારતમાં આ પ્રકારની એમ્બ્યુલન્સ સરકાર તેમજ સમાજ અને સંસ્થાઓનાં માધ્યમથી થાય તે માટે ગિરીશભાઈ શાહ સતત કાર્યશીલ છે. ગિરીશભાઈ શાહ છેલ્લા કેટલાક વર્ષોથી ભારત સરકારનાં એનીમલ વેલફેર બોર્ડનાં સભ્ય તરીકે પણ પોતાની સેવા આપી રહ્યા છે. ‘વિશ્વ હિન્દુ પરિષદ’નાં સંગઠન મંત્રી મિલિન્દજી પરાંડેએ થાણા- મુંબઈમાં સમસ્ત મહાજન સંચાલિત એનિમલ એમ્બ્યુલન્સની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે સમસ્ત મહાજનનાં ટ્રસ્ટી ગિરીશભાઈ સત્રા દ્વારા વિશ્વ હિન્દુ પરિષદ’નાં સંગઠન મંત્રી મિલિન્દજી પરાંડેનું વૃક્ષની પ્રતિકૃતિ ધરાવતા મોમેન્ટો દ્વારા અભિવાદન કરાયું હતું. સમસ્ત મહાજનની સેવાભાવી પ્રવૃતિઓ આ વિશ્વને સુંદર બનાવવામાં તેનું યોગદાન આપી રહી છે. સમગ્ર ‘અર્હમ અનુકંપા’ પ્રોજેક્ટનાં ઈન્ચાર્જ તરીકે સમસ્ત મહાજનના ટ્રસ્ટી પરેશભાઈ શાહ પોતાની સેવા આપી રહ્યા છે.

## ગાંધીનગરના કલોલમાં એસટી બસે મુસાફરોને અડફેટે લીધા, પાંચ મુસાફરના મોત

(એ.આર.એલ),ગાંધીનગર,તા.૧૦

ગાંધીનગરના કલોલમાં મુસાફરો બસની રાહ જોતા હતા અને કાળ બનીને આવી બસે કચડી માર્યા. કલોલના અંબિકાનગર વિસ્તારમાં આ ઘટના બની છે. જ્યાં આજે સવારે એસટી બસ અને લકઝરી બસ વચ્ચે ભયાનક અકસ્માત સર્જાતા પાંચ લોકો મોતને ભેટ્યા છે. લકઝરી બસચાલકે એસટી બસને ટક્કર મારતાં એસટી બસના ડ્રાઈવરે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો અને બસની રાહ જોઈને બસ સ્ટોપ પર ઉભા રહેલા મુસાફરોને કચડી નાખ્યા હતા. અકસ્માતમાં પાંચ લોકો મોત થયા જ્યારે કેટલાક લોકો ઈજાગ્રસ્ત થયા છે. ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાયા છે. દ્રશ્યોમાં જોઈ શકાય છે કે અકસ્માત કેટલો ખતરનાક હતો. કલોલ અંબિકા બસ સ્ટોપ પર પેસેન્જર ઉભા હતા તે સમયે જ એસટી બસે તેમને અડફેટે લીધા હતા.પાછળથી આવતી એક લક્ઝરી બસે એસટી બસને ટક્કર મારી હતી. જે પછી એસટી બસને ટક્કર વાગતાં બસ ચાલકે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવ્યો હતો. કાબુ ગુમાવેલી એસટી બસ રોડ નજીક બેઠેલા મુસાફરો પર જ પર ચઢી ગઈ હતી. જે પછી આ અકસ્માતમાં ચાર મુસાફરોના મોત થયા છે. બીજી તરફ આવી જ એક અકસ્માતની ઘટના ખેડાના નડિયાદમાં સામે આવી છે. નડિયાદના પીપળાતા નજીક ટ્રક અને રિક્ષા વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. ગમખ્વાર અકસ્માતમાં બે મહિલાનું ઘટના સ્થળે કમકમાટી ભર્યુ મોત નિપજ્યાં છે. જ્યારે અકસ્માતમાં ૫ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. ઘટનાની જાણ થતા તાત્કાલીક ધોરણે સ્થાનિકો ઘટના સ્થળે આવી પહોંચ્યા હતા.

## ગાંધીનગર ઉત્તર વિધાનસભા મતક્ષેત્ર અને ગાંધીનગર મહાનગરના વિવિધ વિસ્તારમાં રમકડાં એકત્રીકરણની કામગીરી હાથ ધરાશે

ગાંધીનગર લોકસભાના લોકપ્રિય સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર લોકસભા ક્ષેત્રના તમામ સાત વિધાનસભા ક્ષેત્રોમાં ‘રમશે બાળક, ખીલશે બાળક‘ના ઉમદા હેતુ સાથે વિવિધ રહેણાંક વિસ્તારમાં ડોર ટુ ડોર સંપર્ક કરી રહીશો પાસેથી તેમના બાળકોના વપરાશમાં ન હોય તેવા રમકડાં એકત્રીકરણ કરી આંગણવાડીના બાળકો અને જરૂરિયાતમંદ પરિવારના બાળકોમાં રમકડાંનું વિતરણ કરવાના અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. ‘રમશે બાળક, ખીલશે બાળક‘ અંતર્ગત ગાંધીનગર ઉત્તર વિધાનસભામાં તા.૧૦ મે, બુધવારના રોજ ગાંધીનગર મહાનગરના વોર્ડ ૫ ખાતેથી ધારાસભ્ય શ્રીમતી રીટાબેન



પટેલ અને શહેર ભાજપ સંગઠન દ્વારા આનંદવાટીકા સોસાયટી, સેકટર ૨૨ તેમજ વિરાટનગર સોસાયટી, સેકટર ૨૩ ખાતે સ્થાનિક રહીશોના ઘરની મુલાકાત લઈ આંગણવાડી અને જરૂરિયાતમંદ બાળકોના સ્મિતના સહભાગી બનવા રમકડાં એકત્રીકરણની કામગીરી કરવામાં આવી હતી જેમાં નાગરિકોએ હોંશે હોંશે અન્ય બાળકની ખુશીમાં સહભાગી થવા રમકડાં આપ્યા હતાં. આ તકે ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ, શહેર ભાજપ મહામંત્રી કનુભાઈ દેસાઈ, ઉપાધ્યક્ષ નિલેશભાઈ પટેલ, વોર્ડ પ્રમુખ ધવલભાઈ શાહ, સંગઠનના હોદ્દેદારો, કોર્પોરેટરો, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. ક્રમશઃ ગાંધીનગર ઉત્તર વિધાનસભા મતક્ષેત્ર અને ગાંધીનગર મહાનગરના વિવિધ વિસ્તારમાં રમકડાં એકત્રીકરણની કામગીરી હાથ ધરાશે.

## અંદાજી એક કરોડના ખર્ચે તમામ સુવિધાઓ સાથે તમામ સુવિધાઓ સાથે બનાવાયેલું ચાણસ્મા ખાતેનું નવનિરિત કોર્ટ નું બિલ્ડીંગ

ચાણસ્મા નગરમાં જ્યાં જુની ગાયકવાડ સમય નું જૂનું મામલતદાર કચેરી નું મકાન હતું તે જગ્યા ઉપર કોર્ટનું બિલ્ડીંગ બનાવ્યું છે અંદાજે એક કરોડના ખર્ચે તમામ સુવિધાઓ સાથે કોર્ટના બિલ્ડિંગનું નિર્માણ કરવામાં આવ્યું છે છેલ્લા ત્રણ માસથી નવનિર્મિત કોર્ટનું આ બિલ્ડિંગ નું લોકાર્પણ ક્યારે થશે તેની રાહ જોઈ રહી છે હાલમાં ચાણસ્મા નગરમાં સયાજીરાવ ગાયકવાડ વખતના બિલ્ડીંગમાં કોર્ટ ચલાવી રહી છે સરકારના સંલગ્ન તંત્ર દ્વારા નવ નિર્મિત થયેલા કોર્ટના બિલ્ડીંગ નો લોકાર્પણ કરવામાં આવે તો ચાણસ્મા સહિત આજુબાજુના લોકોને તેનો સીધો લાભ મળી શકે જ્યારે માર્ગ મકાન વિભાગના સુત્રો એ જણાવ્યું હતું કે અમારા વિભાગ દ્વારા અંદાજે એક કરોડના ખર્ચે તમામ સુવિધાઓ સાથે બિલ્ડીંગ નું નિર્માણ કરીને તૈયાર



કરી આપવામાં આવ્યું છે હવે લોકાર્પણ સહિતની આગળની કામગીરી સરકારના સંલગ્ન તંત્ર દ્વારા કરવાની હોય છે

## વડતાલધામ દ્વિશતાબ્દી નિમિત્તે સહજાનંદી બાળ શિબિર સંપન્ન

સ્વામિનારાયણ સંપ્રદાયના સર્વોચ્ચ તીર્થસ્થાન વડતાલધામમાં ૫ થી ૯ મે - પંચદિનાત્મક સહજાનંદી બાળ શિબિર સંપન્ન થઈ છે. છેલ્લા સાત વર્ષથી નિયમિત યોજાતી આ બાળ શિબિરમાં આ વર્ષે ૨૫૦૦ કરતા વધુ દિકરા - દિકરીઓએ ભાગ લીધો હતો. વડતાલગાદીના વર્તમાન પિઠાધિપતિ ૫ પૂ ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજના આશીર્વાદથી ચેરમેન શ્રી દેવપ્રકાશદાસજી સ્વામી તથા મુખ્યકોઠારી ડો સંત સ્વામી દ્વારા બાળકોમાં સુસંસ્કારી પ્રજ્ઞાના વિકાસ માટે પ્રયાસો થઈ રહ્યા છે.




સ્વામિનારાયણ સંપ્રદાયની પ્રગતિનું રહસ્ય બાળ યુવા પ્રવૃત્તિ છે , આ પ્રવૃત્તિથી અમે અતિપ્રસન્ન છીએ , આ પ્રવૃત્તિમાં કાર્યકર્તાઓ અને શ્યામવલ્લભ સ્વામી તથા નારાયણચરણ સ્વામી વગેરે યુવાન સંતોને અભિનંદન પાઠવું છુ કહીને આચાર્ય મહારાજે રાજીપો વ્યક્ત કર્યો હતો. પ્રથમ સત્રમાં મુખ્ય કોઠારી ડો સંત સ્વામી , પુ નૌતમ સ્વામી , પુ પી પી સ્વામી , પુ. બ્રહ્મ સ્વામી , પુ. અથાણાવાળા સ્વામી , પુ ઘનશ્યામ ભગત ટ્રસ્ટીશ્રી , ગુણસાગર સ્વામી વિરસદ , મહેન્દ્રભાઈ નિલગિરિવાળા વગેરેના કરકમળ દ્વારા દીપપ્રાગટ્ય સાથે શરૂઆત કરવામાં આવી. પ્રથમ દિવસે “ હું હરિકૃષ્ણ મહારાજનો આશ્રિત છું , આ જીવનભરની દ્રઢતા કેળવીએ ,નિર્વ્યસની રહીએ, પરિવાર - સમાજ અને સત્સંગનું ગૌરવ વધે એવુ આદર્શ જીવન જીવિએ તથા વડતાલ મારું અને હુ વડતાલનો “ આ પ્રતિજ્ઞા સાથે પૂ ડો સંત સ્વામીએ શિબિરનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે પૂ નૌતમ સ્વામી અને પી પી સ્વામીએ પણ પ્રાસંગિક ઉદ્બોધન આપ્યું હતુ. પાંચ દિવસમાં બાળકોએ પ્રભાતફેરી , ગૌપૂજન , માતૃવંદના, રાસ , પૂજા , યોગાસન , પ્રાણાયામની સામુહિક શિક્ષા ગ્રહણ કરી હતી. શિબિરમાં પૂ શુકદેવ સ્વામી નાર , પૂ ઈશ્વરચરણ સ્વામી - કુંડળધામ , પ્રિયદર્શન સ્વામી - પીજ, ઘનશ્યામ સ્વામી - વાસદ , સુરેશભાઈ પ્રજાપતિ વગેરેએ પ્રેજન્ટેશન સાથે બાળકોને બોધપ્રદ વાતો કરી હતી. અંહિ તમામ બાળકોની રહેવા જમવાની વ્યવસ્થા સાથે સમગ્ર શિબિરનું સફળતા પૂર્વક સંચાલન પુ શ્યામવલ્લભ સ્વામી - નારાયણચરણ સ્વામી - બુધેજ અને સંચાલક મંડળના વિષ્ણુભાઈ પાડગોલ વગેરે યુવકો દ્વારા કરવામાં આવ્યું હતું. વડાતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવમા ૫ હજાર બાળકોની મહાશિબિર સંપન્ન થાય , એવા શુભ સંકલ્પ સાથે સાતમી શિબિર પૂર્ણ કરવામાં આવી હતી.

## વીર મહારાણા પ્રતાપની જન્મજયંતી નિમિત્તે શહેર ભાજપ દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરાઈ



ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, તા. ૯ મે, મંગળવારે શૌર્ય, પરાક્રમ અને ત્યાગના પ્રતીક, માતૃભૂમિની રક્ષા માટે પોતાનું જીવન સમર્પિત કરનાર વીર મહારાણા પ્રતાપજીની જન્મજયંતી નિમિતે શહેર ભાજપ દ્વારા પેથાપુર ખાતે તેમની પ્રતિમા પર પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ અવસરે શહેર ભાજપ પ્રમુખ ઋચિર ભટ્ટ, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ, મેયરશ્રી હિતેશ મકવાણા, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, સહ પ્રવક્તા હિતેન્દ્રભાઈ પટેલ, સંગઠનના પદાધિકારીશ્રીઓ, કાઉન્સીલરશ્રીઓ તેમજ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહી મહારાણા પ્રતાપની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.






14 મે " વિશ્વ માતૃ દિવસ"૧૦ મેં થી ૧૪ મે માતૃ વંદના સપ્તાહ ઉજવણી




"મા એક એવું વટવૃક્ષ કે જ્યા ઝંઝાવાત પણ નિરાંત નો શ્વાસ લે છે "

## ભાગીરથી મહેતા



કવયિત્રી, 'જાહ્નવી'; એક પ્રેરણાદાયી પાત્ર.

લેખિકા: દીકરી, સરયૂ મહેતા-પરીખ

મારી નજરે મારા બા, એક પ્રભાવશાળી વ્યક્તિ હતાં. એમના હાથથી કાગળ, પેન અને પુસ્તકો દૂર ન હોય. રસોઈ, ઘરકામ અને નોકરી ઉપરાંત, જાણીતા સાહિત્યકારો મહેમાન હોય. ઘણી વખત કવિ સંમેલનમાં કવિઓની વચ્ચે આ એક જ કવયિત્રી મંચ પર ઉપસ્થિત હોય. વહેલી સવારે ઘણીવાર બત્તી જલે ત્યારે ખબર પડે કે બાને કોઈ કવિતાએ જગાડી દીધાં.

બ્રિટિશ હકૂમતમાં ભાગીરથીનો જન્મ ભુવા નામના ગામમાં થયો હતો. એક વર્ષની નમાયી બાળકીનો સંયુક્ત પરિવારમાં ઉછેર થયો. ધૂડી નિશાળમાં ચોથી ચોપડી ભણ્યાં પછી, 'છોકરીને લખતાં વાચતાં આવડ્યું એટલે બસ.' એમ કાકીના અને સમાજ સમર્થન સાથે ઘરકામમાં પળોટાયા. પિતાએ તેર વર્ષની દીકરીને કહ્યું, "તારા લગ્ન કોટડાના હરિશંકર મહેતા સાથે નક્કી કર્યા છે." પતિ પ્રાથમિક શાળામાં શિક્ષક અને ભાગીરથી ઘર સંભાળતાં. સામાજિક અપમાનજનક રૂઢિઓથી અત્યંત સંતાપ થતો. પાંચ વર્ષના મનોમંથન અને ભાઈ કવિ નાથાલાલ દવે દ્વારા મળતા પુસ્તકોના અભ્યાસથી સમજાયું કે 'મારું ભવિષ્ય મારે જ બનાવવાનું છે.' બંને કુટુંબોના વિરોધોનો સામનો કરતાં, અઢાર વર્ષની ઉંમરે, ભાવનગરમાં રહીને ભણવાનો નિશ્ચય કર્યો. એમને દસમાં ધોરણમાં સીધા મુકવામાં આવ્યાં. હાઈસ્કૂલમાંથી ઉત્તીર્ણ થયા પછી, પાંચ વિદ્યાર્થીનીઓ સાથે શરૂ થયેલ કર્વે કોલેજમાં પ્રવેશ મેળવ્યો. ભુવા અને કોટડા ગામમાંથી પ્રથમ કોલેજ ગ્રેજ્યુએટ થયેલ નારીને એ સમયેપઓટલે બેઠેલી બહેનો સંભળાવે, ×એવો જમાનો આવશે કે ધન કમાશે બાયડી ને...×

ગાંધીયુગની અસરમાં વિલાયતી કપડાં અને ઘરેણાંનો ત્યાગ કરેલ. માજીરાજ ગર્લ્સ હાઈસ્કૂલમાં શિક્ષિકા અને સુરેન્દ્રનગરમાં આચાર્યા. પુત્ર પદ્મશ્રી મુનિભાઈ મહેતા અને સરયૂ. ભાગીરથીના તપ અને સમર્પણની સત્યતા જોઈ તપસ્વિની પૂજ્ય વિમલાતાઈએ પોતાના નાના સમુહમાં સ્વીકાર્યા અને ×જાહ્નવી× તખલ્લુસ આપ્યું.

સ્વજનોનો સાથ હોય કે અસહકાર, મનમાં ઉગે એને પ્રકાશમાં લાવનાર એ વ્યક્તિત્વને ચાહવા અને વિરોધ કરવાવાળા સમુદાય સાથે સમતોલન કરી શકે તેવું ઉદાર દિલ હતું. અનેક બહેનોમાં સાહિત્યપ્રેમ અંકુરિત કરે છે તે, ×જાહ્નવી સ્મૃતિ× કવયિત્રી સંમેલન, શિશુવિહાર સંસ્થા, ભાવનગરમાં દર વર્ષે યોજાય છે; જેમા કોઈ પણ બહેન ભાગ લઈ શકે છે.૧૯૯૪થી શરૂ થયેલ ભાગીરથીના સ્નેહનું ઝરણું હજુ પણ અસ્ખલિત વહે છે. આજે બાને યાદ કરતાં કલારસિકોને જોઉં છું, ત્યારે મને એ દિવસોની યાદ આવે છે જયારે કવિતાની રજૂઆત કરવા, બધી હિંમત ભેગી કરીને, સફેદ ખાદીની સાડી પહેરેલાં, જાજરમાન બહેન ભાગીરથી બોલવા ઊભા થતાંપપ

**-સરયૂ પરીખ (અમેરીકા)**

---

## મધર ડે સ્પેશિયલ : માતૃ શક્તિ



માતા ઉપર કોઈ કંઈ પણ લખી કે બોલી શકે છે, એ જ માતાની સરળતા બતાવે છે. આમ તો સ્ત્રીઓને બહુ જ કોમ્પલીકેટેડ માનવામાં આવે છે, પરંતુ જો એની લાગણીને સમજો તો એના જેવું સરળ બીજું કોઈ જ નથી. સ્ત્રીનું કોઈ પણ સ્વરૂપ હોય, પણ આ બધાયમાં એક સમાન ગુણ હોય છે - એ છે કરુણા - મમતા. શાયદ એટલે જ દરેક સ્ત્રીને જન્મજાત માતા કહી છે.

સૃષ્ટિનાં સર્જનથી માંડીને ઘર પરિવારનું સર્જન ×મા× થી જ શક્ય બન્યું છે. મા - શબ્દ એક અક્ષરી છે, પણ એ જાણે સમગ્ર બ્રહ્માંડ પોતાનામાં સમાવતું હોય એવી તાકાત ધરાવે છે. નાના એવા ઘરથી માંડીને સમગ્ર દુનિયાનું સંચાલન માતૃ શક્તિ જ કરી શકે છે, કારણ કે એ બધું અપનાવતા જાણે છે. સમગ્ર સૃષ્ટિની રચના માટે માતા આદિ પરાશક્તિની જરૂર પડી હતી, એટલે જ કહેવાય છે કે માતા વિના, માતૃ શક્તિ વિના બધું અશક્ય છે. દૈવીય સ્ત્રી હોય કે કોઈ સામાન્ય સ્ત્રી હોય, એની માતૃ શક્તિ હંમેશા અદ્વિતીય જ હોય છે. જે સર્જન કરવાનું પણ જાણે છે, લાલન પાલન કરવાનું પણ જાણે છે અને સમય આવે ત્યારે સંહાર કરવાનું પણ જાણે છે. આપણા ઐતિહાસિક માતૃ પાત્રોએ પોતાના કાર્યો દ્વારા માતૃ શક્તિનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડ્યું છે જેમ કે - રાણી લક્ષ્મી બાઈએ પીઠ પાછળ પોતાના બાળકને બાંધીને, ઘોડે ચડી યુદ્ધ લડવા ગયા હતા. માતા જીજાબાઈ જેણે શિવાજી મહારાજ જેવા વીર સપૂતને જન્મ આપીને ભારતને ધન્ય બનાવ્યું વગેરે. માતાનું હૃદય વિશાળ હોય છે, એ દરેક ઉપર તેની મમતાનો છાંયડો રાખે છે. મા અપનાવતા અને આશરો આપતાં જાણે છે, એટલે જ આપણા દેશને ભારત મા કહીને સંબોધવામાંઆવે છે. ભારતની ભૂમિ પર કેટલાય પરદેશીઓ આવ્યા, શરણાર્થીઓઆવ્યા અને અહીં હંમેશ માટે વસી ગયા. ભારતની ભૂમિ એ માતાનો ખોળો છે જે પોતાના દરેક સંતાનને મમતાનો અને સુરક્ષાનો અહેસાસ કરાવે છે. આપણી ભારતની ભૂમિ એ દરેક દેશમાંથી આવેલ લોકોને હરખભેર અપનાવ્યા છે અને આશરો આપ્યો છે. માતા ઘરની સાથે સાથે પોતાના પરિવાર, સમાજ તેમજ દેશ પ્રત્યે પણ પૂરી નિષ્ઠાથી યોગદાન આપે છે. એ બધી સ્ત્રીઓ વંદનીય છે. જે ઘર પણ ચલાવે છે અને દેશની પ્રગતિમાં પોતાનું યોગદાન પણ આપે છે. આમ તો માતૃ શક્તિ વિશે, માતા વિશે લખવા માટે તો શબ્દોનાં શબ્દો અને પાનાં ને પાનાં ઓછા પડે. દરેક સ્ત્રી પોતાની રીતે એક શક્તિ સ્વરૂપા માતા છે. .

**-વિશાખા મોઢિયા (મહુવા)**

---

## મધર્સ ડે



આજના માતૃપ્રેમના અવસરે જગતજનની માભગવતી અને મારી જન્મદાત્રી એવી મારી 'મા'ને સાદર નમન કરી મારા લેખની શરૂઆત કરું છું.

આમતો માતૃવંદનાનો દિવસ ના હોય... એતો રોજ હોય.. ઈશ્વર બધે નથી પહોંચી શકતો એટલે જ એણે પોતાના એક દેવદૂત તરીકે 'મા'ની રચના કરી છે. પૃથ્વી પરના આપણા આગમનથી લઈ જ્યારે પણ આપણને જરૂર પડે છે ત્યારે નિસ્વાર્થભાવે જો કોઈ આપણી સાથે સંકળાયેલું હોય તો એ ફક્ત મા છે. તમારી પ્રત્યેક ઈચ્છાની પરિપૂર્તિ માટે એ કાયમ તૈયાર હોય. ગમે તેવી પરિસ્થિતિ હોય, પોતાની શારીરિક તકલીફોને અવગણી, તમારી પડખે એક મજબૂત પર્વતની જેમ ઊભી રહેનાર એ 'મા 'છે. પોતાનાથી સવાયા બનાવવાની એની માનસિકતા તમને દરેક ક્ષેત્રમાં ટકોરા મારી-મારીને પારંગત બનાવે છે. દરેક ચિત્રકાર પોતાની કૃતિને છેડે પોતાનું નામ લખે છે, જ્યારે મા જ એક છે કે.. સર્જન કરી નામ પિતાનું લખે છે. આપણી દરેક ચિંતામાંથી માર્ગ કાઢી આપતી મા ક્યારે ડાયાબિટીસનો શિકાર બની ગઈ તે ખ્યાલ ના રહ્યો. આપણી નાની મોટી આવશ્યકતાઓની પૂર્ણતા માટે ફૂદડીની જેમ ફરતી માતાના શરીરમાં ક્યારે દુ:ખાવો ઘર કરી ગયો એ નજરમાંજ ન આવ્યો. આપણા મોજશોખને પોષવામાં એણે સિફતાઈથી પોતાના સફેદ વાળને છુપાવી દીધા એ.. આપણને દેખાયું જ નહીં. આજે જ્યારે વિચારીએ ત્યારે સમજાય છે કે, મમ્મીએ આપણને કેટ- કેટલું આપ્યું. જીવનમાં આપણે સતત આગળ વધીએ એ માટે બધું કરી છૂટી. આજે નિયમસર કામ થઈ જવું જોઈએ એવી ચીવટ ધરાવતી માતા એમ કહે ×બેટા રહેવાદે કામ તો થશે×... તું તારા ઘરે પણ કામ કરે જ છે.. ને..ત્યારે એક ઝણઝણાટી ઉત્પન્ન થઈ જાય છે. આપણી પસંદગીની દરેક વસ્તુની ખરીદી હોય કે, પછી મનભાવતી વાનગીની બનાવટ હોય, એની આપણને આપવાની હોશ નોંધનીય હોય છે, એને ખાવાનું ન હોય તોય આપણા માટે ફક્ત એ બનાવે અને ધરાઈએ નહીં ત્યાં સુધી ખવડાવે.. જે સાચ્ચેજ એક આનંદની અનુભૂતિ કરાવે એક સંતોષ આપે છે. જે આપણને ખરેખર ઘણું મોડું સમજાય છે. જ્યારે આપણી કોઈ પણ કાર્ય પ્રક્રિયાની પ્રશસ્તિ થાય ત્યારે મનોમન એના ઘડતરને વંદન થઈ જાય છે. મા એટલે : જેના વગર જીવન સૂનું બની જાય, જેનો પ્રેમ અમૃતથીએ ઊંચો હોય, જેનું વહાલ ગોળથીય ગળ્યું હોય એ. તમે પદ પ્રતિષ્ઠા કે ઉંમરમાં ગમે તેટલા મોટા થાવ.. પણ એને મન તો તમે નાના જ રહેવાના. અંતે એટલું જ કહીશ કે જેના પ્રેમને પાનખર ન નડે એ મા. અસ્તુ.

**-ખ્યાતિ દેસાઈ (અમદાવાદ)**

---



આપણે કાંઈ આકાશમાંથી પડીને ભૂમિનો આધાર મળતા જ ઊભા થયા નથી. આપણો જન્મ થયો તે પહેલાં પણ આ સમાજ હતો. આપણા આડોશીપાડોશી હતા. આપણાં મા - બાપ પણ હતાં. આ ચાલુ પ્રવાહમાં જ આપણો જન્મ થયો છે. આપણને મા એ અસહ્ય પ્રસુતિની પીડા સહન કરીને નવ મહિના સુધી પેટમાં રાખીને જન્મ આપ્યો છે. જ્યાં સુધી આપણે પોતાના પગ પર ઊભાં નથી થતા. ત્યાં સુધી 'મા' જ આપણી દેખભાળ કરે છે. 'મા' સ્વરૂપે એ શક્તિ છે..

માની તુલનામાં કોઈ બીજી સ્ત્રી ન આવી શકે ભલે તે ગમે એટલી રૂપાળી હોય, પૈસાવાળી હોય, પણ 'મા' જેવું વહાલ તો કોઈ ન કરી શકે, 'મા' તે 'મા' બીજા બધા વગડા વા. જેમ નદીને ક્યારેય રજા હોતી નથી. જેમ પવનને વિસામો હોતો નથી. જેમ સૂર્યને હંમેશા બળતા રહેવા સિવાય બીજી કોઈ પ્રવૃત્તિ હોતી નથી. એ જ પ્રમાણે 'મા'ને પોતાના સંતાનોની સંભાળ લેવામાં ક્યારેય રજા હોતી નથી. સવારથી ઊઠે ત્યારથી તેને ઘરનું કામ, પછી બાળકને ઉઠાડી નાહીધોઈ તૈયાર કરી શાળાએ મુકવા જવું, તેને લેસન કરાવું. તેની સાથે રમવું, હરવું ,ફરવું. મા કોઈ પણ પ્રકારના સ્વાર્થ વગર નિસ્વાર્થ ભાવે સેવા કરતી હોય છે. જ્યારે કોઈ બાળક રિસાય છે. ત્યારે 'મા' વહાલથી પોતાના સંતાને મનાવી જ લે છે. જ્યારે તે પોતાના સંતાન ઉપર ગુસ્સો કરે છે ત્યારે તેનો આત્મા પણ કકળી ઊઠે છે. પોતે પણ ચોરીછુપી રડી ઊઠે છે. આપણી 'મા'ની કિંમત આપણા કરતાં વધારે કોઈ નહીં કરે કારણ કે, આજનો જમાનો એટલે નાણાનો જમાનો. સુદામા ભગવાનની પાસે તાંદુર લઈને ગયા. એ મુઠ્ઠીભર પૌવાની કિંમત પૂરી એક પાઈ પણ ન હતી. પણ ભગવાનને મન તે અમૂલ્ય હતા કારણ તે પૌવામાં સુદામાનો ભક્તિભાવ હતો. એવી જ ભાવના આપણી 'મા'ની આપણા માટે રગેરગમાં ભરેલી છે. ચલણની નોટોનું વજન કેટલું હોય છે. સળગાવીએ તો એક ટીપું પાણી પણ ગરમ નહીં થાય. નોટની કિંમત નથી પણ છાપની કિંમત છે. તેવી જ રીતે નાણાંની કિંમત નથી. પણ 'મા'ની કિંમત અણમોલ છે. 'મા' તેની મહેકતી ફોરમ સંતાનો માટે છેલ્લા શ્વાસ સુધી વરસાવતી જ રહે છે.

**-કથીરીયા પ્રવિણા 'પવી' (નવસારી)**

---

## 'કાકી મા'



કિઆ બેટા ઊઠી જા, કિઆ ઊઠને કિઆ ઊંઘમાંથી ઊઠીને મોબાઈલનું એલાર્મ બંધ કરે છે. કેનેડાની ધરતી પર કિઆ તેની 'મા'ના વિચારોમાં ખોવાઈ જાય છે.

જ્યારે તે નાની હતી ત્યારથી જ તો તેની કાકીને કાકી નહીં, 'મા' કહીને બોલાવતી. તેને તો કયાં ખબર જ હતી કે આ તેના કાકી મા છે? તેની માના મૃત્યુ પછી તેમણે જ તો તેનો પોતાની દીકરીની જેમ ઉછેર કર્યો હતો.

કાકી તેનો સારી રીતે ઉછેર કરી શકે તેથી જ પોતાનું બાળક પણ ન લાવ્યા.

જ્યારે કિઆ મોટી થઈ ત્યારે તેના દાદીએ કહ્યું કે ×કિઆ આ તારી સગી મા નથી પણ કાકી મા છે.× તો તે માનવા તૈયાર નહોતી કે આ મારી મા નહીં કાકી મા છે તેને તો તેના કાકી મા પર ખૂબ જ ગર્વ થયેલો. તેના કાકી માએ યશોદામા બનીને નાનપણથી જ તેનું સરસ ઘડતર કરેલું. તેની એક એક વાતની ધ્યાન રાખતાં.

જ્યારે તે કિશોરી હતી તે વખતે તેનાથી ભૂલ થયેલી ત્યારે તેને વઢવાને બદલે પ્રેમથી સમજાવેલું કે પહેલા તારી કારકિર્દી બનાવ પછી તને ગમશે તે કરીશું અને સાચે જ તેમના લીધે જ તો હું કેનેડાની ધરતી પર છું. ખરેખર 'માતા'નો પ્રેમ તો તે જીવે ત્યાં સુધી અસ્ખલિત વહયા જ કરે છે × પરંતુ મને તો મા કરતા પણ વધારે મમતા મળી છે મારા કાકી મા જોડેથી.

એટલા મા તેના કાને મા...મા શબ્દ અથડાય છે અને તેની તંદ્રા તૂટે છે તેની દસ વર્ષની દીકરી એની તેને બોલાવી રહી છે. એની તેને ભેટી હેપી મધર્સ ડે કહે છે. કિઆની આંખ ભરાઈ જાય છે તે કહે છે હા બેટા × પૃથ્વી પર આવ્યા પછી પ્રથમ આપણને સંભાળનાર મા જ હોય છે. હું જ્યારે બહાર નીકળું તો માના આશીર્વાદ હંમેશા મારી સાથે જ હોય છે. તે મોબાઈલ ખોલીને તેના કાકી માને વિડીયો કોલ કરે છે અને કહે છે. મા, માતૃદિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ અને આજના દિવસની નાનકડી ભેટ સ્વીકાર કરજો.× તેના કાકીમા ખુશ થઈ જાય છે. તે કહે છે કે, મા તે મા હોય છે. તેની જોડ શોધી પણ જડે તેમ નથી. ભલે પછી તે જન્મ આપનાર હોય કે પાલનપોષણ કરી મોટી કરનાર હોય. પ્રેમ તો સરખો જ વહે છે. બંને બાજુ આંખ અને હૈયું બંને ભીનું થઈ જાય છે. લાગણી અને સ્નેહનો પ્રવાહ વહે છે.

**-પીના પટેલ પિંકી (વિસનગર)**

---

## મા..



૧૪ મે વિશ્વ માતૃ દિવસ ! અરે માનો તો કાંઈ દિવસ હોય, માથી તો દિવસો હોય . એ જન્મ આપે ત્યારે આપણે આ જગતમાં આવીએ .જ્યારથી માનાં ગર્ભમાં રહીએ ત્યારથી દિવસો ગણાવા માંડે છે, બસો સિત્તેર દિવસ, પૂરા નવ મહિના માનાં ગર્ભમાં રહીએ ત્યારે બહાર આવવા માટે માજ ઈશ્વરને પ્રાર્થના કરે કે પ્રભુ હવે મારા બાળકને બહાર આવવાનો સમય થઈ ગયો છે મારી ડિલિવરી હેમખેમ થાય ને મારું બાળક સ્વસ્થ બહાર આવે તેવી કૃપા કરો ! બધાંની પ્રતીક્ષાનો અંત એ દિવસે આવે જ્યારે માતા પોતાનું પેટ ચીરીને એને બહાર લાવે .ઈશ્વરનું એ સર્જન જ્યારે એનાં હાથમાં આવે ત્યારે એને સાક્ષાત્ ભગવાન મળ્યાં જેટલો આનંદ થાય ને આખા કુટુંબને ખુશ કરે એક બાળકને જન્મ આપીને, આ છે મા!

તમે એક કિલોનો પથ્થર કે વજન ઊંચકીને થાકી જાવ તો વિચારો મા નવ મહિના સુધી પેટમાં ત્રણ કે ચાર કિલોનું વજન લઈને ફરે છે જેનો એને થાક નથી લાગતો, એને આનંદ છે, આ છે મા ! જન્મથી લઈ મૃત્યુ સુધી જેનો જીવ તમારામાં જ પરોવાયેલો હોય એવી નિઃસ્વાર્થ વ્યક્તિ એટલે મા . જેને પોતાનાં બાળક સિવાય દુનિયામાં કોઈ વસ્તુ પ્રત્યે પ્રેમ ના હોય.આ છે મા! મા એટલે સૃષ્ટિનું સર્જન કરનાર દેવી. એનાં સર્જનથી મહાપુરુષોના જન્મ થયા છે . માનાં પેટમાં નવ મહિના રહો ત્યારે જે શીખવા મળે એ બહાર આવીને અનુસરો ત્યારે ખબર પડે કે માએ સાચા અર્થમાં એક યોદ્ધા એક સંન્યાસી કે એક મહાપુરુષને જન્મ આપ્યો છે . માતા ગર્ભમાંથીજ સંસ્કારનું સિંચન કરતી હોય છે,


આ છે મા !

દરેક માતાને મારા નમન .

**-નયના પટેલ.નૈન.(વડોદરા)**

---

## "માતૃ વંદના"



જીવન રૂપી આકાશમાં તેં ઊડતી કરી પાંખો ,
નજર સામે નથી તું મા...રડી જ પડે છે અમારી આંખો,
દરેક પ્રસંગે ખટકશે ખોટ તમારી, પળભરમાં છેતરી ગયાં અમને તમે , માત્ર યાદગીરીના પુષ્પો અને વહેતાં આંસુના અભિષેક અર્પણ કરીએ છીએ આજે.

પ્રાર્થું પ્રભુને તમારાં દિવ્ય આત્માને શાંતિ અર્પે તેની કાજે પ્રાર્થના..

સો શિક્ષક બરાબર એક માતા.

શિક્ષકે એક દિવસ મજાકમાં કહ્યું કોઈ છે જે સ્વર્ગમાંથી માટી લાવી શકે? બીજા દિવસે એક બાળક થોડી માટી લઈ આવ્યો અને શિક્ષકને આપી. શિક્ષકે અને બીજાં બાળકોએ આશ્ચર્ય સાથે પૂછ્યું , આ તું ક્યાંથી લાવ્યો? બાળકે ખૂબ સરસ જવાબ આપ્યો , ×મારી માનાં પગ નીચેથી.

માંગુ મા પાસે ખોબો ને ભરી દે છે દરિયો,
પ્રેમ તારો છે ગગન જેવો વિશાળ..
ધરા તારી, ગગન તારું,સ્વીકાર તું મારું નમન ,
અદ્રશ્ય છે બધે તું રહસ્ય કેવું તારું ગહન
જોઈ દશા મારી દિશા તારી કૃપા તારી કરું ભજન ,
પ્રાર્થના મારી, કૃપા તારી સ્વીકાર તું મારું નમન .

આજે લાઈટ ગઈ બા, તું યાદ આવી. તારું ફાનસ યાદ આવ્યું. ભરોસો એટલો કે બાએ કેરોસીન રાખ્યું હશે, ક્યાંક, ક્યાંક નહીં તેની યોગ્ય જગ્યાએ જ મળી ગયું અને તારો પ્રેમ પ્રકાશ રૂપે પામ્યાં . બા તું પાછી આવી અજવાળું બની , સર્વેનાં જીવનમાં પ્રેરણાનો પ્રકાશ પાથરજે.

ઊગતાં સોનેરી ભાનુનાં કિરણો આથમથી સંધ્યાએ ' રવિ 'નાં સાચા હૃદયથી વંદન.

આજના માતૃ દિને તમામ માતાઓને સાચાં હૃદયથી શત શત વંદન !

**-ભાસ્કર શુક્લ,' રવિ ' (અમદાવાદ)**

---

## મા એટલે મા!



મા એટલે મા એટલે મા...

આકાશ જેટલો કાગળ લઈને ગણપતિ લહિયો બનીને મા વિશે લખેને તોય કાગળ ટૂંકો પડે.

મા એટલે મા એટલે મા..

બર્થ સર્ટિફિકેટમાં જન્મતારીખ લખાય પણ મા માટે તમે પેટમાં રહ્યા ત્યારથી તમારૂં અસ્તિત્વ માણતી રહી.

મા એટલે મા એટલે મા.

'ભીને પોઢી પોતે, સૂકામાં સુવાડે' દલપતરામના કાવ્યમાં કે શિવાજીને વીરતાના પાઠ ભણાવતાં જીજાબાઈને મેઘાણીના હાલરડાંમાં કે નરસૈંયાના પ્રભાતિયાંમાં જાદવાને જગાડતી મા.. ..અરે , કાલુડી કૂતરીનાં ચાર કાબરાં ને ચાર ભૂરીયાં ગલૂડિયાં હોય..

જનનીની જોડ સખી નહી મળે રે લોલ કારણ

મા એટલે મા એટલે મા.

મધર ઈન્ડિયામાં નરગીસને ભૂખ્યાં, રડતાં કકળતાં બાળુડા માટે તળાવનાં કાદવમાં મૂળિયાં ફંફોસતી જોઈ છે ? એ સ્ત્રી સહજ બનીને અભિનય કરેછે. મધર ઈન્ડિયાને ઍવોર્ડ મળે જ મળે.

મા એટલે મા એટલે મા.

વાત થઈ જન્મ આપનારી માની..પણ આ દેશ ઋષિ મુનિઓનો છે ,વેદ અને ઉપનિષદનો છે.એ સંસ્કૃતિછે જ્યાં

ગંગા યમુના નર્મદા ગોદાવરી કાવેરી બધી જ નદીઓ માતા છે .

ગાય પણ માતા તરીકે પૂજાય છે.

પવિત્ર તુલસી પણ માતા છે.

મા એટલે મા એટલે મા.

દેવી દુર્ગા પણ માતા છે.એનાં બાળકોના રક્ષણ માટે રાક્ષસોને હણે છે..

દુષ્કાળમાં મરતી પ્રજા માટે શાકભાજી અને વનસ્પતિ ઉગાડી એમની ક્ષુધા સંતોષે છે એ માતા શાકંભરી મા છે.

મા એટલે મા એટલે મા

સકળ સૃષ્ટિનો ભાર ઝીલતી ધરતી પણ માતા છે.

સીતાજીએ ફરી અગ્નિ પરીક્ષાને બદલે ધરતી માતાનો ખોળો માંગ્યો.ધરતીએ જન્મ આપ્યો ધરતીમાં સમાઈ ગઈ...

મા એટલે મા એટલે મા..

મારી માભોમ, મારી ભારતમાતા.... જે હિમાલયનો મુગટ ધારણ કરીને, પૂર્વ પશ્ચિમ બાહુઓ ફેલાવી ઉભી છે. જેનાં ચરણ ત્રણ ત્રણ સાગર પખાળેછે એ રક્ષા કરેછે ચોમેરથી..

મા એટલે મા એટલે મા.

**-હેમા ત્રિવેદી (અમદાવાદ)**

---



'મા' આ એકાક્ષરી શબ્દનું વર્ણન કરવા બેસીએ તો વર્ણમાલાનાં બધાં જ વર્ણ અને શબ્દકોશનાં બધાં જ શબ્દો ઓછા પડે.

સંતાનના મુખેથી બોલાયેલા ફક્ત એક શબ્દ 'મા' માં જ તેની દિવ્ય પરિભાષા છુપાયેલી છે. સર્જનહારે સજીવનાં સર્જનની ક્ષમતા ફક્ત માતાને આપેલી છે.

સૃષ્ટિનાં સર્જન પછી તેનું જતન અને પાલન કરવાનાં કઠિન કાર્યમાં સહભાગી બનાવવા સર્જનહારે માતાનું સર્જન કર્યું. માતાનું સ્થાન હંમેશા ભગવાનને સમકક્ષ રહ્યું છે.

ભગવાનનાં અસ્તિત્વ વિશે શંકાશીલ લોકોએ શું ક્યારેય માતાનાં અસ્તિત્વ વિશે શંકા કરી હશે? માતાનાં ગર્ભમાં ગર્ભાશયની નાળ દ્વારા પોષણ પામતો ગર્ભ કોઈ અજાણ્યા સ્ત્રોત કે શક્તિ દ્વારા થતાં પોતાનાં સિંચન પર શંકા કરતો હશે? જે શક્તિને પોતે ક્યારેય જોઈ નથી, તે શક્તિનો અવાજ તે ગર્ભમાં પણ સાંભળી શકતો હશે. પરંતુ માતાનું અસ્તિત્વ હોવા વિશેની શંકાનાં સમાધાન માટે તો તેણે આ દુનિયામાં અવતરવું જ પડે છે. એ જ રીતે ભગવાનનાં અસ્તિત્વની શંકાનાં સમાધાન માટે, જીવે આ ફાની દુનિયા છોડીને ભગવાનની દિવ્ય દુનિયામાં જવું પડે. ભગવાન અને માતાની સામ્યતા દર્શાવતી આ અદ્ભુત સમજણ અલૌકિક શક્તિનાં અસ્તિત્વ અને દિવ્યતાને સમજાવવા પૂરતી છે. માતા પોતાનાં વ્હાલસોયા બાળકને શિક્ષણ મેળવવા માટે, હૃદય મજબૂત કરીને પણ પોતાની નજરોથી દૂર શાળાએ મોકલે છે. જીવન પણ એક શાળા છે. જેની દરેક કક્ષા એટલે કે ઉંમરની દરેક અવસ્થા મનુષ્યને કાંઈક નવું શીખવીને તેનું ઘડતર કરે છે. શાળાએથી પાછા ફરતા બાળકને પોતાની બાથમાં સમાવી લેવા બેચેન માતાને તમે જોઈ છે?

જિંદગીની શાળામાં વ્યક્તિત્વ ઘડતર કરીને, શાળાનો સમય પૂરો થતાં જ,બીજી અજાણી દુનિયામાં પાછા ફરી રહેલા જીવને, પ્રેમથી ગળે વળગાડવા એક અદૃશ્ય શક્તિ કે જેને શ્રદ્ધા સાથે ભગવાનનું નામ આપવામાં આવ્યું છે, તે બેચેન ઊભી હોય છે. બસ, એ સમજવા માટે, એ શક્તિમાં વિશ્વાસ હોવો જરૂરી છે. જે મનુષ્યને માતામાં વિશ્વાસ હોય તે પૂરી શ્રદ્ધાથી ભગવાનમાં પણ વિશ્વાસ રાખી શકે છે.

ઈશ્વરી ડૉક્ટર 'ઈશ' (અમદાવાદ)

---



મારી વ્હાલસોયી મમ્મી,

કેમ છો તમે? આશા રાખું છું તમે મજામાં હશો.સ્વર્ગમાં મારા પ્રિય પપ્પાને મળીને બહુ ખુશ હશો.

જતીપુરામાં તમને અને મને 'એપ્રિલ ફૂલ' બનાવી યાત્રામાં જ પપ્પા તો અચાનક લીલામાં જતા રહ્યા હતા .તમારી જવાબદારી મને સોંપીને ગોલોકમાં જતા રહ્યા હતા.

તેમના ગયા પછી નવ વર્ષ તમે એમના વિના અમારી પાસે રહ્યાં હતાં.પરંતુ તમારું મન તો એ જ દિવસથી એમની પાસે જ હતું.

મારા પપ્પાનો અને તમારો પ્રેમ ખરેખર અદ્ભુત,અવિસ્મરણીય હતો. મેં કોશિશ બહુ કરી,પણ મારા પપ્પાનું સ્થાન તો ક્યારેય લઈ જ ના શકી. તમને કોઈની ઓશિયાળી જિંદગી ના જીવવી પડે એ માટે પપ્પા ખૂબ વ્યવસ્થા કરી ગયા હતા અને ખૂબ સારું પ્લાનિંગ હતું એમનું. ખરેખર એની જેટલી પ્રશંસા કરું એટલું ઓછું છે.

તમને ગયાંને દોઢ વર્ષ થઈ ગયું પણ તમારી બહુ યાદ આવે છે. તમારાં વિરહમાં અશ્રુ સિવાય બીજો કોઈ સહારો નથી

એક વાત કહું , તમારાં ગયાં પછી મારું તો પિયર જ છૂટી ગયું. ત્યાં કોઈ રહ્યું જ નથી.કોના માટે જવું? તમારાં અને પપ્પા વિનાનું એ ઘર એટલે હવે તો નીરવ શાંતિ સમાન, સ્મશાન જેવુ જ લાગે છે.

માની મમતાની ઓથ બીજે ક્યાંયે ના મળે. તમારાં વિના જીવન જીવવાની હું કલ્પના પણ કરી શકતી નહોતી પણ હું જીવી રહી છું. આજે તમારી વિદાયને પણ દોઢ વર્ષ થયું.

પ્રિય મમ્મી, તમે મને સાસરે વિદાય કરી હતી ત્યારે જે અમૂલ્ય શિખામણો આપી હતી એ બધાનું હું અવશ્ય પાલન કરું છું. તમારાં નામને હું જરૂર ઉજાળીશ. હું મારા બંને કુળને તારીશ એ વચન આપું છું તમને.

મારાં સાસુ,સસરા અને પતિની આજ્ઞાનું પાલન હું કરું છું. બધાં સાથે હળીમળીને રહું છું. મોટાંને આદર અને વિનયથી તથા નાનાંઓને હેતથી જીતી લીધાં જ છે.

'મિષ્ટભાષા એ મહાન વશીકરણ મંત્ર છે'

આપે શીખવેલો આ મંત્ર સાચે જ બહુ ઉપયોગી થયો છે મમ્મી.


તમે એકદમ સાચું જ શીખવ્યું હતું મને મમ્મી કે નારી ચાહે તો નારાયણી બની શકે છે, સ્વબળથી, આત્મશ્રદ્ધાથી . પ્રારબ્ધને પુરુષાર્થ વડે અંકુશમાં રાખ્યું છે પણ તમારી ખોટ કોણ પૂરશે, બોલોને, મારી જનની!

એજ લિ. આપની વ્હાલસોયી દીકરી, સુનિ, આપ વિના સુની.

**-સુનિતા મહાજન.'સુનિ' (આકોટ)**

---










14 મે " વિશ્વ માતૃ દિવસ"૧૦ મેં થી ૧૪ મે માતૃ વંદના સપ્તાહ ઉજવણી




# વિશ્વ માતૃ દિવસ નિમિત્તે પદ્ય રચનાઓ

---

## પૂ.કુસુમબાને ગઝલાંજલી



વર્ષ સત્યાસીમાં જો કે માસ ત્રણ ચૂકી ગઈ.
સો વરસના પૂર્ણ એ ઉલ્લાસને પામી ગઈ.
એ જ ભીતરના ગુણો અકબંધ જાળવતી ગઈ.
ફૂલ અવતારી હતી, ખુશ્બુ રૂપે વ્યાપી ગઈ.
ભક્તિના ભાવો કદી માએ અલગ ક્યાં ચીતર્યા?
નાચી મીરાં જેમ નરસૈયા સમી ગાતી ગઈ.
લાગણીના સાત દરિયા એ અહીં હોવા છતાં,
પ્હાડ તૂટ્યા ભીતરે ને છેક પથરાતી ગઈ.
શ્હેર છો ને એ જ કહેતું સ્વર્ગવાસી એ થઈ,
ક્યાં ગઝલમાં એ પ્રમાણો મ્રુત્યુના આપી ગઈ?
લાકડી એની ખૂણામાં નિત્ય કરતી ડોકિયાં,
એને પણ બળ આપનારી મા જ ક્યાં ચાલી ગઈ?
મંદિરોમાં એથી મા પાણી ભરાયા કેડ લગ,
મૂર્તિઓ રડતી કે એની માત સંગાથી ગઈ.
જન્મજાતે આમ તો બન્ને સહેલીઓ હતી,
મા વહી દૂધીમતીમાં ગંગા તો કાશી ગઈ.
એના જાવાથી ય ઘરમાં ફેર ઝાઝો ક્યાં પડ્યો?
બેસતી મા જ્યાં હતી બસ ત્યાં છબી લાગી ગઈ.
રાહ જોતી ઉંબરે બેઠી'તી શણગારો કરી,
એ મરણના આખરે દ્વારે ઘડી આવી ગઈ.
આમ ટોળામાં ઊભી'તી જીવતી ને જાગતી,
આગ પોતાને પછી 'પરવેઝ' એ ચાંપી ગઈ.

**-સતીન દેસાઈ પરવેઝ દીપ્તિ 'ગુરૂ' સેરેટોગા...કેલિફોર્નિયા.**

---



પ્રવિણા કડકિઆ (અમેરિકા) (અમેરિકા)
આંધળી માનો કાગળ આપણે વાંચ્યો છે.
તેમાં છુપાયેલા દર્દનો અહેસાસ અનુભવ્યો છે.
ચાલો માણીએ દેખતી માનો
૨૧મી સદીનો ઈ મેઈલ


.........................................................

સ્નેહ ભરેલું અંતર જેનું
હૈયે ભરી હેતની હેલ
કમપ્યુટર પર આજે માવડી
લખતી દીકરાને ઈ મેઈલ 'ગગો' એનો અમેરિકા દેશે'નવા જમાનાની' બૈરી સંગે
હરદમ મોકલે ઢગલે પૈસા
'માવડી' તું કરને જલસા
કર્યું હતું તે બાળપણમાં
ભૂલ્યો નથી એક શબ્દ ગગો એનો અમેરિકા દેશેનવા જમાનાની બૈરી સંગે
માવડી મારી ખૂબ વહાલી
કદી બોલીશના એક સવાલી
મુંગી રહેજે, જે જોઈએ તે કહેજે
પપ્પાનો ના ઉલ્લેખ કરજે ગગો એનો અમેરિકા દેશેનવા જમાનાની બરી સંગે
પપ્પા નથી કે નથી બહેનડી
'હું' છું તારે પડખે માવડી
શબ્દ મીઠા ક્યાંથી કહેવા
નથી મારી પાસે સમય ગગો એનો અમેરિકા દેશે નવા જમાનાની બૈરી સંગે
પૈસાનો હું કરું ઢગલો
હૈયે શાકાજે નથી ઉમંગ
માડી તારે કેટલા જોઈએ ?
બસ મુખેથી આંકડો કહેને ! ગગો એનો અમેરિકા દેશે નવા જમાનાની બૈરી સંગે
અંતરમાં ન ઢુંકવા કદી
મળે ગગાને ના ફુરસદ
માવડી ગુંગળાઈ મરે જોવા
ગગાને નથી તેની પરવા ગગો તેનો અમેરિકા દેશે નવા જમાનાની બૈરી સંગે
પૈસાના શું ભરું બચ્ચીઓ
અંતરમાં છું સદા ઉદાસી
મને મારા દીકરાના પપ્પા
બોલાવો હું આવું મળવા ગગો તેનો અમેરિકા દેશે નવા જમાનાની બૈરી સંગે
પ્યાર માટે વલખાં મારતી
જીવતર તેનું પુરું કરતી
મરે દેહનું દાન કરતી
દીકરાનો સમય ન બગાડતી ગગો એનો અમેરિકા દેશે નવા જમાનાની બૈરી સંગે
માડી આજે ચાલી શાંતીથી
પ્રિતમની મળવા ધીરે સરતી
ઈમેઈલની પ્રતિક્ષા ન કરતી
સંતોષનું સ્મિત લહેરાવતી. ગગા સુંદર સંસાર નિભાવજે પરિવાર સંગે લહેર કરજે

**-પ્રવિણા કડકિઆ (અમેરિકા)**

---

## મા



ઈશ્વર ના પહોંચી શક્યો જગ માં બધે;
એણે મા ના સ્વરૂપ માં હર ઘર માં સ્થાન લીધું,
ગંગા જમના ના પહોચી શક્યા જગ માં બધે;
એ મા સ્વરૂપે મમતા બની વહેતાં રહયાં,
છે ગુરુઓ માં શ્રેષ્ઠ મા નું સ્થાન;
કરાવ્યું છે સ્વર્ગ ના અમૃત નું પાન,
એ મા નુ કરવુ શુ ગુણ ગાન,
છે વિશ્વ માં એનું અનેરું સ્થાન;
ઈશ્વર ને તું ના શોધ, એ મુરખ ઈન્સાન;
મા ના સ્વરૂપ માં છે તે સાક્ષાત વિધ્યમાન,
શું સ્વર્ગ શુ નર્ક ની તું કરતો વાત;
પુણ્ય સલિલ છે માં ના ચારણો નું પાન,
દેવી દેવતાઓ પણ આતુર છે લેવા જન્મ ધરતી પર;
જો મળે મને મનુષ્ય રૂપ થકી એ જનનિ નું પય પાન,
ના મલ્યો છે ફરી, કે ના મલશે એ તું જાણ,
એ દેવી મા, ના ચરણામૃત નું પાન,

**-અતુલ ગુસાણી (દુબાઈ)**

NEWS OF GANDHINAGAR_P-2



આજ હું મારી માને ઘરડાઘરમાં મુકી આવ્યો,
લોહી નો સબંધલોહીથીમીટાવી ને આવ્યો.
ઓરડો હવે થઈ ગયો ખાલી,મળી જગ્યા મોકળી,
ઘરડા પાન ને સૂકા ઠુંઠા સાથે વળગાડી આવ્યો.
જૂની ખાટ ને ખખડધજ પંખો,બંધ ઘડીયાળ ન ડંકો,
જીર્ણશીર્ણ થઈ ગયેલા સબંધો ને થીગડું મારી આવ્યો.
એક ગોખલામાં બેઠા બેઠા ધીમું ધીમુંમરકે છે રાધેશ્યામ,
તુલસીની માળા ને પૂજાની પોટલી માળીએ ચડાવી આવ્યો,
નથી હવે ખાંસવાનો અવાજ,નથી ધ્રુજતા હાથનો આશીર્વાદ,
હૃદયનાબારણાં બંધ કરી ને ઓરડાની બારી ખોલી આવ્યો.
પાછું વળી ને જોઈ ના શક્યો,આંખ થી આંખ મિલાવી ના શક્યો,
'મિત્ર' એક જીવતી લાશ ને હું અવલ મંજલ પહોંચાડી આવ્યો.
**-વિનોદ સોલંકી 'મિત્ર'.(લખતર)**

---

## મમતાની હૂંફ



માથા પર હાથ ફેરવે, બેસુમાર લાગણી છે,
જન્મ દેનારી, એ માતાની મમતાની હૂંફ છે..
સ્વહિતને ભૂલી, સંતાન પર ન્યોછાવર છે,
વાત્સલ્યની મૂર્તિ, માતાની મમતાની હૂંફ છે..
હંમેશ મિત્ર બની - સુખ, દુઃખની સાથી છે,
ભૂલોનેભૂલતી, માતાની મમતાની હૂંફ છે..
ગમે તે તકલીફમાં હસતી રહેતી ચાવી છે,
મનોમન સહેતી, માતાની મમતાની હૂંફ છે..
જીવનનૈયાને સાથ હલેસા મારીને તારે છે,
સંતાન સુખ ધારતી, માતાની મમતાની હૂંફ છે..
**તેજસવસાણી(જામનગર)**

---



દીકરા છે ચાર માને જીવતાં,
આવ્યા ના કઈ કામ માને જીવતાં.
ઠાઠડી પર તું ચડાવે શીદને?
સાડલો ઓઢાડ માને જીવતાં.
અંત વેળા બેસણું ના રાખતો,
પાસે તું બેસાડ માને જીવતાં.
અસ્થિ તું પધરાવવા ગંગા જશે,
એ નદી દેખાડ માને જીવતાં.
ચારધામોની તું યાત્રા ના કરાવ,
તારું ઘર દેખાડ માને જીવતાં.
તું કશું બીજું ના કરતો, ચાલશે,
ઋણ તો સ્વીકાર, માને જીવતાં!
એ કશું પણ કયાં કદીયેમાંગતી?
બસ, સમય તું આપ માને જીવતાં!
**-પ્રશાંતસોમાણી (સુરત)**

---

## મા મારામાં તું ...!!



મારી બંધ આંખે નજર કરું તો તું જ મળે મા
મારા હર શ્વાસની લહરમાં તો તું જ ભળે મા
મારા દિલના હર ધબકારે પણ તું જ ધબકે મા
મારી આંખના દરેક પલકારે તો તું જ પલકે મા
પ્રેમનાઅહેસાસે હર રગમાં પણ તું જ વહે મા
મારા ગાઢ આલિંગને મારું હર અંગ તું ગ્રહે મા
'રેખા'નીશબ્દશૃંખલામાં કવિતા બની તું સરે મા
સરેઆમ આ ઉપવનની વેલી બનીને તું ફરે મા
**-રેખા શુકલ (અમેરીકા)**

---

## આવર્તન




'હેં મા આવર્તન એટલે શું ?
આવર્તન એટલે ફરી ફરીને પાછું આવે એ ....
રોજ વહેલાઉઠવાનું - સ્કૂલ - હોમવર્ક...
હા...હા... એટલે જ કહું છું...જલ્દી કર... કશું અધૂરું નહિ મુકવાનું...
દુનિયા આવર્તન પર ચાલે.
રસોઈ, રિવાજ, ફેશન બધું એનું એજ
ફરી ફરી ને નવા રૂપરંગ સાથે
વિજ્ઞાન કે કુદરત આવર્તન પર જ ચાલે
ખળખળઉછળતો સાગર તપે વરસાદ આવે
ખડખડ હસતી દીકરી મલકે માસિક આવે
તો મા આપણે બ્લડ ડોનેટ કરીએ તો એનું એજ ફરી થોડું આવે ?
હેં...હા...પણ કોઈનો જીવ બચાવતા આપણને શેર લોહી ચઢે એ આવર્તન જ કહેવાય
નાની ગુડુની પથારીમાં પ્લાસ્ટિક અને બાજુવાળા દાદાની પથારીમાં પ્લાસ્ટિક...!
હા...આવર્તન કહી શકાય.
આવા આવર્તનના પાઠ શીખવતી મા મારી રાહ જોતી
...કદી મને સહેજ પણ આવતા મોડું થતું તો...
મા ની નજરમાંસર્જાતુંપ્રતીક્ષાનું આવર્તન
પછી એ દીવો ધારતી
જેમ જેમ મોડું થાય તેમ તેમ દીવાની સંખ્યા વધતી
અને સર્જાતુંપ્રકાશનું આવર્તન
એ મા ના ચહેરાનીઝળહળમાં કદી હું ખોટું બહાનું ન કાઢી શકતી
પછી મા નો હાથ પકડી એના પ્રિય હીંચકે દોડી જતી
અને રચાતુંવહાલનું આવર્તન
મારા નાના પગનીઠેસે મોટું આવર્તન અને
માના મોટા પગનીઠેસે નાનું આવર્તન
એનાથી ઉલ્ટું થતું તો અમે ખૂબ હસતાં
આમ હસતાં હસતાં એક દિવસ મા ના પગ ની ઠેસે
હીંચકો ઉપર ગયો...ગયો...ગયો...
પણ...પાછો ન આવ્યો...!
મા, આવર્તન પૂરું કરવાનું હોય !
તારું આ વર્તન જરાય ના ગમ્યું મા...!
હવે કેટલા દીવાધારું??
**-યામિની વ્યાસ (સુરત)**

---



દૂરથી ઊડી આવતાં પંખીનાંટોળાં,
ફફડાવીપાંખો કરતાં યાદોના મેળા;
ચાંચોથીખોતરતાંમનનાં સૌ જાળાં,
જાળેથીખરતા જૂના તાણાવાણાપ.
ઉપસી છબી માની ફેરવતી પાનાં,
લખતી રહેતી સદા રામનાંગાણાં;
કહેતી'તી "વેરજોબેન,પંખીને દાણા,
ને જાઓ જો દેશ તો ગાયોનેપૂળા..
અવગણજો પડે જો મનને કો' છાલાં,
વાદ-વિવાદ ના કરશો કોઈ ઠાલા;
સંસાર તો જાદુગરની છે માયા,
અહીંયા ના કોઈને છે કોઈનીયે છાયાપ."
નિસ્પૃહી માતાની સ્મૃતિનાંટોળાં,
નીતારેપાંપણથી આંસુની ધારા;
અર્પું શું અંજલિ લઈ અક્ષરની માળા,
શબ્દો પડે જ્યાં ઉણા ને આલાપ.
ગીચ ઝાડીથીઊડતાં પંખીનાંટોળાં,
ફફડાવીપાંખો રચે મમતાનામેળાપ.
**-દેવિકા ધ્રુવ (અમેરિકા)**


---







## મમતા તણો ખજાનો



દિલ માવડીનું જાણે મમતા તણો ખજાનો,
ભૂલી શકો જ ક્યાંથી કાયમનો એ સહારો?
સાથે રહે છે કાયમ એ ઢાલ થઈ તમારી,
હો દુર એ છતાં પણ દુવા તણો પટારો.
સમજી લીધાં હવે મા તારાં ઉદાર કામો,
અવસર મળ્યો છે આજે પાસેથી જાણવાનો.
જ્યારે કરું સ્મરણ હું ભગવાન સામે બેસી,
તારું જ મુખડું ત્યાં દેખું હું તો મઝાનો!
માડી મને કહેને હું શું કરું તો ગમશે?
આપ્યું તને વચન લે કહેશે જે માનવાનો.
**-રશ્મિ જાગીરદાર (અમેરિકા)**

---

## મા



મૃત્યુના દ્વારે જઈને જિંદગી ખેંચી લાવે છે.
માની દુવાઓ ખુદ યમરાજનેયહંફાવે છે.
શિશુ કાજે આખેઆખું અસ્તિત્વ ભુલાવે છે.
એ હાથનો કોળિયો ઈશ્વરને પણ લલચાવે છે.
મુશ્કેલીમાં હિમ્મત ક્યાંથી લાવી આપે છે?
હેતભર્યો સ્પર્શ જ્યારે દવાની ગરજ સારે છે.
પારણું ઝુલાવતાં આંખોમાં સપનાસુખના સેવે છે.
હાલરડા ગાતાં ગાતાં એ ઈતિહાસ નવો સર્જાવે છે.
નામ, પદ કે મહત્તા ક્યાં કશુંય એને ખપે છે?
મા તો મા છે સ્વર્ગનાસિંહાસનને પણ ડોલાવે છે.
**-અંકિતા સોની(ધોળકા)**

---



દીકરા સા)થે રહેવા મા હૃદયમાં હર્ષ રાખે છે;
દીકરો બીમાર મા માટે અલગથી નર્સ રાખે છે.
સ્હેજઅડતામાં જ દુઃખોસામટાં થઈ જાય છે ગાયબ,
મા હથેળીમાં સતત જાદૂઈ એવો સ્પર્શ રાખે છે.
આપી દે થોડાં પતિને, આપી દે સંતાનને થોડાં;
મા સ્વયંને જીવવા તો એક પણ ક્યાં વર્ષ રાખે છે.
ઠેસ બાળકને કદી ક્યાંયે ન વાગે એટલા માટે,
મા સદા ચોખ્ખી જ ઘરની ને હૃદયની ફર્શ રાખે છે.
જો પ્રભુ સૌને જનમ આપે છે તો મૃત્યુય આપે છે,
મા તો ઈશ્વરથીય ઊંચો આગવો આદર્શ રાખે છે.
ચોરખિસ્સામાંબધાંયેઆંસુઓ સંતાડી રાખે છે,
મા સતત પાંપણની પાછળ એક એવું પર્સ રાખે છે.
**-અનિલ ચાવડા(હાલઅમેરિકા)**

---



વહાલનું મીઠું ઝરણ છે બાસ્વર્ગ તારે તો ચરણ છે બા
દેવ દેવી થી વધું પાવનએક તારું બસ સ્મરણ છે બા
ઢાલ મારી તું બની જાય છેદુખની સામે આવરણ છે બા
જીવથી વ્હાલું છે હર બાળકતુજ દુઆ હર એક ક્ષણ છે બા
તારું હું પ્રતિબિંબ મારી બાહું નજર આવું દર્પણ છે બા
ફૂલની માફક તું રાખે છેજિંદગી તો એક રંણ છે બા
તું લડી લે સર્વ મુશ્કેલીથીઆમ કોમળ પણ કઠણ છે બા
આશ જ્યારે ડૂબતી મારીએક 'સપના'નું કિરણ છે બા
**-સપનાવિજાપુરા (અમેરીકા)**

---

## બા જતાં રહ્યાં રેપ



જતાં રહ્યાં, જતાં રહ્યાં, જતાં રહ્યાં રે,
બા અમને છોડીને કેમ જતાં રહ્યાં રેપ
ચિંતાઓકેટકેટલી અમારી કરતાં,
આવીએ ત્યારે અછોવાના કરતાં,
ચિંતાઓ સઘળી છોડીને જતાં રહ્યાં રે,
બા અમને છોડીને કેમ જતાં રહ્યાં રેપ
જન્મ તેનું મૃત્યુ તે સનાતન સત્ય છે,
જાણું છું હું ને સમજાવું છું સૌને,
તોયે મનડું મારું માનતું નથી રે,
બા અમને છોડીને કેમ જતાં રહ્યાં રેપ
આગમ દેખું, હું તો ચોગમ દેખું,
ફરીફરીફળિયામાં આવીને દેખું,
નજરુમાં હવે કેમ આવતાં નથી રેપ
બા અમને છોડીને કેમ જતાં રહ્યાં રેપ
યાદ આવો ત્યારે હૈયું મારું રડતું,
આવવાનું વારેવારે મન બહુ થાતું,
પણ તમારા વગર આવવું ગમતું નથી રે,
બા અમને છોડીને કેમ જતા રહ્યા રેપ
ભાઈ બોલાવે, બાપૂજી બોલાવે,
વારે તહેવારે યાદ બહુ આવે,
ખોટ તમારી પુરાતી નથી રે,
બા અમને છોડીને કેમ જતા રહ્યા રેપ
**-ભારતી ભંડેરી ×અંશુ×,(અમદાવાદ)**

---

## મા મમતાળી



હૈયું એનું દુઃખી છે, પણ હોઠે એના સ્મિત છે,
મારી માતાની બીજી ક્યાં જોડ છે? (૦૨)
મા ઓ મોરી મા, મા મમતાળી મા.
માની મમતા મારા લેખે લખાણી
માના પ્રેમની આ રે કેવી રવાની
હે મારી માથી નિરાળું ક્યાં કોઈ છે,
એની મમતાની બીજી ક્યાં જોડ છે?
હૈયું એનું દુઃખી છે, પણ હોઠે એના સ્મિત છે,
મારી માતાની બીજી ક્યાં જોડ છે? (૦૨)
મા ઓ મોરી મા, મા મમતાળી મા.
માના પ્રેમની અમીધારા મેં માણી
એની સાથે છે જિંદગીની રવાની
હે મારી માથી પ્રેમાળ ક્યાં કોઈ છે?
એના પ્રેમની બીજી ક્યાં જોડ છે?
હૈયું એનું દુઃખી છે પણ હોઠે એના સ્મિત છે,
મારી માતાની બીજી ક્યાં જોડ છે? (૦૨)
મા ઓ મોરી મા, મા મમતાળી મા.
**-અંકિત ચૌધરી (મહેસાણા)**

---

## 'મા'



માંની કેડે બાળક હોય રમતું,
મન જાણે જગ આખું ફરતું,
અંતરે ભલેને પડ્યો અકાળ,
દૂર ન રાખે માં એનો પંપાળ,
અતૂટ દોર પરોવે જો મોતીડાં,
કુટુંબ અકબંધ જોડે માતડી,
પંડની પીડા દવા જો ન મટાડે,
સુકુન સાચું માંના ખોળે જડે,
ભણતરના એકડે કાચુ ઘૂંટયું,
છતાં ચહેરે છૂપું પાક્કું વાંચ્યું,
**-જયદીપ કાનાણી (સુરત)**

---



માતૃત્વનું અસ્તિત્વ માતૃત્વનો અસ્તિત્વ શું છે
આજ સુધી કોઈ જાણી શક્યું નથી,
જે માતા ની કદર ના કરે તે આ
અસ્તિત્વને કદી માણી શક્યું નથી.
પોતે ભીનામાં સૂઈ આપણને સૂકામાં સૂવડાવે,
એનો ઉલ્લેખ અને આજ સુધી કોઈ જાણી શક્યું નથી.
દુઃખમાં પણ પોતાનું હાસ્ય રાખી એ પોતાના સંતાનો ને સુખી જણાવે,
એવું વ્યક્તિત્વ આજ સુધી કોઈ લાવી શક્યું નથી.
કડવું બોલી સાચું સમજાવી દે અને મીઠું બોલી મનને મનાવી દે,
**-ક્રિઝા મોનપરા "કવિશા" (સુરત)**

---

## નિર્વિકલ્પ 'મા'



ધન્ય ધન્ય 'મા' તુજને, શું મૂલવું તુજ પ્રેમ?
બદલો તારા પ્રેમનો વાળી શકીશ હું કેમ?
'મા' નો કોઈ વિકલ્પ નથી, નથી શ્રેષ્ઠ દૈવત,
'મા' તારું શરણું ખરું, પછી નમું ભગવંત.
તુજ વચને આ વિશ્વમાં, નથી કશું અશક્ય,
તુજ અંતર આશિષ મુને બનાવે જગમાં ધન્ય.
જોઈ પીડા પુત્રની, 'મા' નું હૃદ્ કોરાય,
ક્ષેમ ભાળીને પુત્રનું, 'મા' નું હૃદ્ હરખાય.
ચાર શબ્દે શું વર્ણવું, 'મા' નેહ નીતરતું આભ,
'મા' ની મમતા પામવા, હરિ પણ આતુર થાય.
**-જલ્પા પંડ્યા દવે 'જલરંગી' (વડોદરા)**

---



મા હું તારું ગુલાબનું ફૂલ,
મોંઘા તારી મ્હેક તણા મૂલ.
મા તું છો ત્યાં જન્નત મારી,
તારા વિનાની દુનિયા ધૂલ.
મનેય કરવી ગમતી તી બસ,
મા તારી આંખે ઝૂલાઝૂલ.
મા ઠપકો તારો મીઠો છે,
એથી કરતો હું કાયમ ભૂલ.
તારી મમતા માટે હું મા ,
હું તોડું છું દુનિયાના રૂલ.
**-કાસિમ અલામ (ગોધરા)**

---



માં નાં ખોળા થી મોટુ
કોઈજ સ્વર્ગ નથી
માં નાં ધાવણ થી મોટું
કોઈજ અમૃત નથી.
માં નાં લોહી હાડ માંસ
થીજ બન્યો છે આપણો દેહ.
માં નાં ઋણ થી
મોટું કોઈજ ઋણ નથી.
માં તુજે પ્રણામ
હે માં તુજે સત સત પ્રણામ.
**-ભરત ટિટિયા, જય સોમનાથ.અમદાવાદ)**

---

## 'મારી વ્હાલી મા'



સૌથી મોટી યુનિવર્સિટી ને શાળા છે માં,
જેનો સાદ સાંભળીને થયાં મોટાં એ માં,
નાની નાની વાતોની કાળજી લેતી એ માં,
સુખ દુઃખમાં સદાય સાથ રહેતી મારી માં,
રડતાં જ્યારે બાળપણમાં હસાવતી માં,
વગર બોલે આપણને સમજી જતી માં,
નિરાશામાં આપણી સાત્વનાં દેતી એ માં,
પ્રોત્સાહનભર્યા વેણથી ઊર્જા ભરતી માં,
હોય ભલે તું દૂર,તોય સદા હૃદયની પાસ મારી વ્હાલી માં,
પ્રાર્થના ઈશને,સદા તું ખુશને તંદુરસ્ત રહે મારી વ્હાલી માં.
**-ચિરાગ શર્મા (ચિરંજીવ).:ખેડા**

---



હું રડતો ત્યારે તું પણ રડતી મા.
ઘા મને લાગતાં દર્દ સાથે લડતી મા.
રાતો રાત જાગી મને સુવડાવતી,
પોતે ભૂખી રહી મને ખવડાવતી મા.
વ્હાલનો દરિયો ને ભગવાનનું રૂપ,
હેતની હેલી ને પ્રેમની મૂરતી મા.
હોય ગમે તેવું બાળક મા ને વ્હાલું,
મીઠાં શબ્દોની અમી વહેવડાવતી મા.
ભર તડકે જ્યારે બહાર નીકળતાં,
નાના પાલવથી સૂરજને હંફાવતી મા.
ગાંડપણ કરું તો કો'ક વાર મારતી,
હું રડીને સૂઈ જાવ પછી રડતી મા.
કઈ થાય તો ઘર આખું માથે લેતી,
મને સાજો રાખવાં માનતાં રાખતી મા.
હોય ભૂલ મારી ને જો કોઈ વઢે તો,
મારાં માટે તો લડવા તૈયાર રહેતી મા.
કેમ કરી ચુકવીશ તારાં હેતની કિંમત,
મીઠાં બોલે તુંજ તો હાલરડાં ગાતી મા.
તારાં ખોળે માથું નાખી જ્યારે સૂતો,
સ્વર્ગ મળ્યાંનો અનુભુતી કરાવતી મા.
મોટો થયો છું તો પણ હું નાનો જ છું,
આજે પણ સાચવીને જજે કહેતી મા.
**-અંકિત ઢોડીયા "હાસ્ય" (તાપી)**

---



બાળકો જો 'ભૂખ ઓછી છે,' કહે,
રોટલી 'મા' તું પછી મો....ટી વણે.
યાદમાં તો રોજ આવીને મળે,
કેમ માંનું દૂર મારી 'મા' રહે!
એટલે ચોખ્ખી હશે માની ક્ષમા!
આંસુથી ધોયા પછી આપે મને.
સારું છે કે પ્રેમની કિંમત નથી
હોત તો ધનવાન સૌની 'મા' મળે.
આંસુ એના એટલે રાત્રે નીકળે,
સૌ જુએ એ પાછું 'મા'ને ક્યાં ગમે?
**-રક્ષા શાહ (મુબાઈ)**

---

## "માતૃપ્રેમ"



સોસીયલ મીડિયા પર તો આજ માતૃપ્રેમ જોવા મળ્યો
જાણવા મળ્યું મધર્સ ડે છે, એટલે સૌને માતૃપ્રેમ ઊભરાયો
જોઇ મને પણ મા પ્રત્યે પ્રેમ જતાવા નો ઉમળકો જાગ્યો
મોબાઇલ બાજૂ મુકી, મા સાથે નો મારો ફોટો શોધવા લાગ્યો
પત્ની બાળકો મિત્રો સાથે ના ફોટાનો આલ્બમ જોવા મળ્યો
પણ ના જોવા મળ્યો એકેય ફોટો મા ની સાથે પડાવેલો
છેવટે તેના બેસણા માં રાખેલો ફોટો શોધવા લાગ્યો
બહુ મહેનત બાદ માળિયા માંથી શોધી કાઢ્યો
ઉપર જામેલી ધૂળ સાફ કરી ને મા નો ફોટો સાફ કર્યો
ને મા ના ફોટા ને હૈયે વળગાડી ને સેલ્ફી પાડ્યો
પાછો વચ્ચે ના નડે એટલે ફોટાને અભરાઈ એ ચઢાવ્યો
પછી સેલ્ફી ફોટા ને સોસીયલ મીડિયા માં મૂક્યો
ને "I love u , I miss u ma " નો ક્વોટ લખ્યો
સાથે સાથે દુખ જતાવા રડતો ઈમોજી મુક્યો
પછી તો આખો દિ લાઇક કોમેન્ટ જોવા ટટળાયો
એટલો તો મા ના દેહાંત વખતે પણ નહતો ટટળાયો
**-મૌલેશ બહાદુરશાહ પંડિત (અમદાવાદ)**

---

## હે માત



છીએ તારા ઋણી અમે,અને રહીશું ઋણી હંમેશ
ધન દોલત ના ઢગલા ધરીએ તવ ચરણે
તોય ફુટે ના તવ ઋણ ઓ માત.
શ્વાસે શ્વાસે છે તારું ઋણ ઓ માત,
શ્વાસમાં શ્વાસીએ તારી મમતા વળી ઉચ્છશ્વાસીએ તારા દિધેલ સંસ્કાર.
પાયા ધાવણ થકી તે અમને અમૃત કેરા પ્યાલા
વેઠી સઘળી નાદાનીઓ અમારી તે
પીધા કડવા ઘુંટ.
ઉછેર્યા અમને વેઠી સઘળા સંઘર્ષો ધરી હિંમતને ધીર તે બિછાવ્યા ફુલો અમ રાહ પર ઓ માત
છીએ આજ અમે જે કાંઈ એ શક્ય બન્યું
તારા ઉછેરને સંસ્કાર સિંચન થકી ઓ માત
**-વિશાખા ભટ્ટ (અમદાવાદ)**

---

## માતૃવંદના...



તારા ચરણોમાં ચારો ધામ, ત્યાં જોતી શિવને શ્યામ,
માં નો મહિમા અપરંપાર, ત્યાં જોતી શિવને શ્યામ,
તારી કૃપાથી શ્રૃવાસ જ લેતી તારી કૃપાથી સૃષ્ટિ જોતી,
તારી અમી ભરેલી આંખ... ત્યાં જોતી શિવને શ્યામ,
તારા ચરણોમાં ચારો ધામ, ત્યાં જોતી શિવને શ્યામ,
માં નો મહિમા અપરંપાર,ત્યાં જોતી શિવને શ્યામ,
અગણિત કરતી ભુલો હું તો, પલમાં તું માફ જ કરતી,
તારી કરુણા અપરંપાર.... ત્યાં જોતી શિવને શ્યામ,
તારા ચરણોમાં ચારો ધામ, ત્યાં જોતી શિવને શ્યામ,
માં નો મહિમા અપરંપાર, ત્યાં જોતી શિવને શ્યામ,
હું હસ્તી તો હસ્તી રહેતી,હું રડતી તો રડતી,
મારા સુખદુઃખમાં તું સાથ.... ત્યાં જોતી શિવને શ્યામ,
તારા ચરણોમાં ચારો ધામ, ત્યાં જોતી શિવને શ્યામ,
માં નો મહિમા અપરંપાર,ત્યાં જોતી શિવને શ્યામ,
પથ્થર એટલા દેવ પુજીને, દુઃખડા મારા હરતી,
મારે મન તો તું ભગવાન... ત્યાં જોતી શિવને શ્યામ,
**-સુરભી પટેલ...(જામનગર)**

---



ભાગ્ય જાગ્યા મારા, પીડા વેઠી જન્મ આપ્યો...
માં નાં રૂપમાં આંખ ખોલતા કર્યા પ્રભુનાં દર્શન...
અમૃત પાન કરાવી જોડ્યું પ્રેમનું અનેરું સગપણ...
હાલરડું ગાતાં આપતી રહી પ્રશાંતિ સમજણ...
હથેળીઓ કરતી ગિલોલ પા..પા..પગલીએ...
સ્પર્શની બારાખડી શીખવાડી કરતી હાસ્યનું કિલ્લોલ...
પાલવે બાંધીને ફરતી મારા દુઃખોની માયાજાળ...
જીવનના જીવલેણ ત્રાજવે બનતી મજબૂત ઢાલ...
મારી ઊણપને ઢાંકી ઉજવતી જીતનાં તણખાં હજાર...
**-ભાવિકા વ્યાસ "ભાવિ" (જૂનાગઢ)**

---



સ્વપ્ન ભરી મનોહર મૂર્તિ જોઈ શયનભુવનમાં એ રાતડી,
અર્ધ જાગતા - અર્ધ મીચાતા લોચન કરતા મીઠ્ઠી વાતડી.
માતાની મમતા ભરી સુંદર શીતળ મસ્તકે હરતી આંખડી,
ચાલવું - દોડવું હું શીખ્યો પકડી માતા તમારી એ આંગળી.
ખણકી ઉઠે છે હજી ખણખણ કરતા એ કંગન તવ હસ્તના,
લહેરાતું જીવન - સ્નેહ સંગીત સાથે રમાડતી તું એ માવડી.
કોમલ - નિર્મળ બચપણ વીત્યું તવ પાલવ પકડી ને જકડી,
વિતાવી કંઇક ઘડીઓ; તવ નજર થી નજરાય છે એ રાતડી.
'કમલ' માન્યું - ચાહ્યું માતા થી માગ્યું સ્નેહ બંધન શુભ ઘડી,
માતૃ વંદના ગૌરવ શિલ છે ; નારી તું નારાયણી મારી માવડી.
**-કમલેશ.વી.પરીખ (વડોદરા)**

---

## "લખું ગુણ મા"



લખવા બેસું તો લખી ના શકુ ગુણ મા,
ભાવનાના હૈયાં તણો અહેસાસ છે મા.
પ્રેમાળ વ્યકિતત્વ લખું કેમ કરી મા,
તું તો મૌનની ભાષા પણ સમજે મા.
હૈયાની પ્રત્યેક ધડકનમાં નામ તારુ મા,
આ તારી મમતા થકી જ ધડકે હૃદય મા.
છલકાય છે તારો પ્રેમ રોમરોમમાં મા,
પણ તારા વગર બધું જ સૂનકાર મા.
તુજ વિન જીવન બહું આકરું લાગે મા,
કલ્પનામાં તારો હાથ માથે સદાય છે મા
★કોપી આરક્ષિત★
**-ભાવના ભટ્ટ (અમદાવાદ)**

---

## માતૃત્વ..



માતાને પોતાના બાળકને જોઈને આવે શ્વાસમાં શ્વાસ.
બાળકને મળે જગતના સર્વ સુખ એજ માતાની આસ.
બાળકના મૌન શબ્દો જેના હૃદયે પહોંચે એ માતા.
બાળકના જીવનમાં સૌથી કિંમતી માતાનો વિશ્વાસ.
બાળકનો ચહેરો જોઈ એને સમજી જાય, એ માતા.
માગ્યા વિના અપાતો બાળકને માતાના દિલમાં વાસ.
તેજ ધૂપમાં પોતાનો પાલવ ઢાંકી છાયો આપે એ માતા.
બાળકનો જન્મ એજ માતાના જીવનનો સુંદર અહેસાસ.
બાળકના જીવનમાં સુખ દુઃખનો પહેલો સાથી એ માતા.
બાળકનું પહેલું સ્મિત જોઈને માતાનું હૃદય રમતું રાસ.
માતૃત્વ દિવસની દરેક માતાને હાર્દિક શુભેચ્છાઓ..
**-હીના પટેલ (બારડોલી)**

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
## સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




શબ્દ : "મા"
પ્રકાર : પદ્ય (અછાંદસ)
શીર્ષક : જનેતા
શબ્દ સંખ્યા : ૮૭
જનેતા
હૈયે થી હૈયું આપનારી તું મા જનેતા,
જગત જનની મા તું જ મારી જનેતા.
તારા દિન-રાત ગુણલા ગાવું જનેતા,
મારા પિતાનો પડછાયો તું મા જનેતા.
ભણાવી-ગણાવી મોટી કરી જનેતા,
મારું સર્વસ્વ તું જ છો મારી જનેતા.
મૂડી થી વ્યાજને વ્હાલું કરતી જનેતા,
તું જ મારા સુખ-દુઃખનો સાથી જનેતા.
દિકરીને જોઈ તું ઓશિયાળી થતી જનેતા,
દિકરીના દુઃખે દુઃખી થનારી મારી જનેતા.
અગણિત ઉપકાર તારા મારા પર જનેતા,
નામ એવા ગુણ તારા શાંતાબા જનેતા.
દિકરીને દિકરો ગણી માન આપતી જનેતા,
★રમા★ તારું ઋણ નહીં ચૂકવી શકે જનેતા.
લેખકનું નામ : ડૉ રમીલાબેન ડી મકવાણા ★રમા★
**-લાડુલા તા ભાભર જિ બનાસકાંઠ**

---

વિષય માતૃ દિવસ ૧૪, મે
પદ્ય
શીર્ષક વહાલનો રંગ
પરવિણા કડકિઆ
હો મા મને લાગ્યો તારા વહાલનો રંગ
જન્મીને શ્વાસ લીધો દૂર થઈ અંગથી રોઈને ગજવ્યું જગ માણ્યો તારો સંગ હો મા મને લાગ્યો તારા વહાલનો રંગ
છાતીએ ચીપકીને પીધા તારા અમૃત
દિલમાં પ્રસર્યો તારો મધુરો સ્પર્શ
હો મા મને લાગ્યો તારા વહાલનો રંગ
જાણી બુઝીને કે ભિંજવી અજાણતાં
માણ્યું તારી ગોદનું મખમલી સિંહાસન
હો મા મને લાગ્યો તારા વહાલનો રંગ
બોલતી ન ચાલતી હાથપગ ઉલાળતી
ભૂખી તરસી ત્યારે સૂર સંગમ રેલાવતી
હો મા મને લાગ્યો તારા વહાલનો રંગ
દોડીને આવતી ઉચકી હૈયે ચાંપતી
મુસકુરાતી લાડ લડાવી હૈયે ચાંપતી
હો મા મને લાગ્યો તારા વહાલનો રંગ
દર વર્ષે ધોમ ધખતા મેના મહિનામાં
તારી મીઠી મધુરી યાદ મુજને આવતી
હો મા મને લાગ્યો તારા વહાલનો રંગ

---

વિષય -- માતૃદિવસ
શીર્ષક - વ્હાલનું વાવેતર
શબ્દો -- ૧૦૯
લેખકનું નામ -- પ્રફુલ્લા "પ્રસન્ના'
જ્યાં લાગે 'મ'ને કાનો, ત્યાં જન્મી જાય મારી 'મા'!
આપવો છે હિસાબ એની પળેપળનો, પળેપળે પ્રગટે મારી 'મા'!
લાગણી બધી વ્હાલની ઈશ્વરે આપી દીધી 'મા'ને,
'મા'નાં હૈયા વગર કોઈ 'મા' સરખું ક્યાંથી ચાહે?
મહાસાગરેય ઓછો પડે એટલું અગાધ છલોછલ વ્હાલ!
આભનાં અગણિત તારલા જેટલાં મારી 'મા'નાં લાડ!
સ્નેહ, સમર્પણ ને આદરથી ઉછેરે એનાં દરેક છોરું!
અપમાન, અનાદર ને કોરી લાગણીને ખમીને હસતી રહે મધુરું!
એક સાથે અનેક બાળકને કરી શકે એ ભરપૂર વ્હાલ!
ના મળે ઈજ્જત કોડીની તોય ન રાખે મનમાં કડવાશ!
દુઃખ એનું ન અનુભવી શકે એ કમભાગી બાળ ને મા બેય!
માનાં રૂપ રંગ ને બેડોળ શરીરથી શરમાય ને જાતને કરે પ્રેમ!

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

ગમો ને અણગમો ખોટ્ટો મમત છે માં
લીસોટો હોય પાણીમાં, ગમત છે માં.
સદા ફેલાય છે સાચ્ચે મહોબત થી,
રમ્યા છે દિલમાં પ્યારી એ રમત છે માં .
થયા છે લાગણી વશ આપ કરુણા કરી,
દીધા દુઃખ તે છતાંયે જો ખમત છે માં.
સદા વેઠ્યા છે દુઃખ દર્શન જગતમાં બસ,
દુઆઓ દઈ છતાં રાજી ફકત છે માં.
સદા આનંદમય છે, મૂર્તિ ત્યાગે ઘણું,
થઈ એ સ્નેહ સરવાણી વહત છે માં.
**-મોહનભાઈ આનંદ**

---

વિષયઃ મા
વિભાગ :- પદ્ય
શીર્ષકઃ- મા
મા તસવીર બનીને આમ જોયા ના કર,
વહેતા આંસુથી તસવીર ધોયા ના કર,
ફૂલનો હાર નથી શોભતો તારે ગળે મા
ના શોભતું મા ચલાવ્યા ના કર,
તારો ટહુકો સાંભળવા તરસી ગયા કાન
મા આમ તું અમારાથી રિસાયા ના કર,
સ્નેહથી તરબોળ કરી દેતી તું અમને
હવે અમારાથી દૂર રહ્યા ના કર,
એકવાર આવીને કહી દેને મા,
બેટા ! તું ચિંતા કર્યા ના કર.
**-શીલાપટેલ "આંકાક્ષા"..**

---

વિષય...માતૃદિવસ, ૧૪ મે
પ્રકાર..પદ્ય
શીર્ષક..
મા ને શ્રદ્ધાંજલિ
બીજું ક્યાં કંઈ લખી શકીશ?
એક ખાલીપો છે તારાં ગયાં પછી..
એ શાંત ખોળામાં નત મસ્તક, એ વહાલ ભર્યો હાથ,
બસ છૂટી ગયો સાથ તારા ગયાં પછી...
મારાં દુઃખ માટે નો મલમ,
મારી પ્રાર્થના નો જવાબ,
મંદિર કદાચ છૂટી ગયું,
મા, તારાં ગયાં પછી..
હેતાળ હૈયું, અવિરત આશીષ, બધું જ વેરાન,
આજ ખરતાં એ આંસુ, થયાં સૈલાબ..તારાં ગયાં પછી...
એક જ આરદા ઈશ્વર ને,, મળે ભવોભવ એક શાંત પાલવ તુજ હેતનો,
નથી કોઈ અન્ય આશ
તારાં ગયાં પછી!
મા બોલીને રડે છે હૈયું,
સુનકાર માં પણ આભાસ શોધે છે હૈયું,
તસવીર જાણે ઝૂરે છે..
તારાં ગયાં પછી..
**-કલ્પના બેન ત્રિવેદી સુરેન્દ્રનગર**

---

માતૃદિવસની રચના.
પ્રકારઃ-પદ્ય.
શીર્ષકઃ-અપને ઘર તુ લે જા.
નયના ઠક્કર(પ્યાસી)
વડોદરા.
કિતને દિન મહિને સાલ
ગુજર ગયે હૈં,
વૃધ્ધાશ્રમકી સિઢિયોં પર
હમ રાહ દેખતે હૈં.
આંખે ભર આતી હૈ,
મન ખાલી ખાલી રહતા હૈ.
તુ તો કભી આતા નહીં,
હોઠોંપે તેરા નામ રહતા હૈ.
હમારે હૃદયમેં લગી તેરી
તસ્વીર તુ દેખ જા,
બેટા હમેં અપને સાથ
અપને ઘર તુ લે જા.
તેરે બીન જીના અબ
મુશ્કિલ સા લગતા હૈ,
ચાહે તો સબકુછ ભુલાકે
અપને ઘર તુ લે જા.
ઘરકા સારા કામ ઔર
બચ્ચોંકી દેખભાલ કરેંગે,
ચાહે તો નૌકર સમજકે
અપને ઘર તુ લે જા.
તેરા વજૂદ આજ હમસે હૈ,
હમેં જિંદા રખનેકે લિયે
અપને ઘર તુ લે જા.
તેરી પરવરીશમેં દિનરાત
એક કિયે થે,
ચાહે તો ઋણ ચુકાનેકે
લિયે અપને ઘર તુ લે જા.
તેરે દૂધકે લિયે હમને ચાય
પીના ભી છોડા થા,
આંસુ પીના રોકનેકે લિયે
અપને ઘર તુ લે જા.
તેરી પઢાઈકે લિયે એકહી
કપડા ધો ધોકે પહના થા,
ચાહે તો કૃતજ્ઞી બનકર
અપને ઘર તુ લે જા.
તેરી હંસીકે લિયે રાતમેં
છુપછુપકે રોયે થે,
વો અશ્કોંકા કર્જ ચુકાનેકે
લિયે અપને ઘર તુ લે જા.
તેરી બિમારીમેં રાતભર
હમ ના સોયે થે,
ચૈનકી નીંદ હમેં સુલાનેકે
લિયે અપને ઘર તુ લે જા.
તુજે બચાનેકે લિયે હમ
ઈશ્વરસે ભી લડ ગયે થે,
ચાહે તો ઉધાર ચુકાનેકો
અપને ઘર તુ લે જા.
આંખે તરસ રહી હૈ તુજે
દેખનેકે લિયે,
તેરા દિદાર કરાનેકે લિયે
અપને ઘર તુ લે જા.
દિલ તડપ રહા હૈ તુજે
બાંહોમેં ભરનેકે લિયે,
હમકો ગલે લગાનેકે લિયે, અપને ઘર તુ લે જા.
હમારે લિયે ના સહી, બસ
અપની કિસ્મત સંવારનેકે
લિયે અપને ઘર તુ લે જા.
(મારી સ્વરચિત રચના)
નયના ઠક્કર
**-(પ્યાસી)વડોદરા.**

# કીમતી અને બિનલોહ ધાતુઓ, એનર્જી, કૃષિ કોમોડિટીઝના વાયદામાં સાર્વત્રિક નરમાઈ

## પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૫,૯૬૬ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૧૪,૪૧૯ કરોડનું ટર્નઓવરઃ બુલડેક્સ વાયદામાં રૂ.૧૮ કરોડનાં કામકાજ

### ડેઈલી માર્કેટ રિપોર્ટ
**નૈમિષ ત્રિવેદી**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં બુધવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૫૮,૩૭૫ સોદાઓમાં કુલ રૂ.૨૦,૪૦૩.૬૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૫,૯૬૫.૮૪ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧૪૪૧૯.૫૯ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૪૭,૬૯૫ સોદાઓમાં રૂ.૩,૬૬૭.૭૨ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૬૧,૨૭૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૧,૪૦૦ અને નીચામાં રૂ.૬૧,૧૭૩ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૫૫ ઘટી રૂ.૬૧,૨૬૪ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની મે કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૦૦ ઘટી રૂ.૪૯,૦૦૬ અને ગોલ્ડ-પેટલ મે કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૪ ઘટી રૂ.૬,૧૫૦ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૭ ઘટી રૂ.૬૧,૨૧૨ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૭,૩૭૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૭,૬૨૭ અને નીચામાં રૂ.૭૭,૦૬૧ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૦૮ ઘટી રૂ.૭૭,૧૪૮ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૨૬૨ ઘટી રૂ.૭૬,૯૬૯ અને ચાંદી-માઈક્રો જૂન કોન્ટ્રેક્ટ રૂ.૨૫૩ ઘટી રૂ.૭૬,૯૬૬ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૮,૬૬૩ સોદાઓમાં રૂ.,૯૮૪.૫૧ કરોડના વેપાર થયા હતા. તાંબુ મે વાયદો રૂ.૭૫૧.૦૫ના ભાવે ખૂલી, રૂ.૫.૫૦ ઘટી રૂ.૭૪૬.૨૦ જ્યારે એલ્યુમિનિયમ મે કોન્ટ્રેક્ટ રૂ.૧.૬૦ ઘટી રૂ.૨૦૭.૯૫ તેમ જ સીસું મે કોન્ટ્રેક્ટ રૂ.૦.૧૫ ઘટી રૂ.૧૮૫ના ભાવ થયા હતા. જસત મે કોન્ટ્રેક્ટ રૂ.૨.૬૦ ઘટી રૂ.૨૩૬ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની મે વાયદો ૧ કિલોદીઠ રૂ.૧.૫૫ ઘટી રૂ.૨૦૮.૨૦ સીસુ-મિની મે કોન્ટ્રેક્ટ રૂ.૦.૦૫ ઘટી રૂ.૧૮૪.૬૦ જસત-મિની મે વાયદો રૂ.૨.૪૦ ઘટી રૂ.૨૩૬.૦૫ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૬,૩૪૮ સોદાઓમાં રૂ.૧,૩૦૪.૪૪ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ મે વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૬,૦૧૬ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૦૩૬ અને નીચામાં રૂ.૫,૯૫૮ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૭ ઘટી રૂ.૫,૯૯૨ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની મે વાયદો રૂ.૪૪ ઘટી રૂ.૫,૯૯૪ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ મે વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૮૫ના ભાવે ખૂલી, રૂ.૩.૭૦ ઘટી રૂ.૧૮૩.૫૦ અને નેચરલ ગેસ-મિની મે વાયદો ૩.૫ ઘટી ૧૮૩.૭ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૯.૧૭ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૬૨,૩૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૨,૫૦૦ અને નીચામાં રૂ.૬૨,૧૬૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૦ ઘટી રૂ.૬૨,૨૪૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ મે કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૫.૨૦ ઘટી રૂ.૯૫૯.૩૦ બોલાયો હતો.

કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૮૩૧.૯૨ કરોડનાં ૨,૯૮૯.૩૮૦ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૮૩૫.૮૦ કરોડનાં ૨૩૭.૪૯૪ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૬૬૮.૦૪ કરોડનાં ૧૧,૧૩,૯૮૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૬૩૬.૪૦ કરોડનાં ૩,૪૩,૦૦,૫૦૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧૨૫.૪૨ કરોડનાં ૬,૦૨૦ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૨૬.૭૧ કરોડનાં ૧,૪૪૭ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૫૭૭ કરોડનાં ૭,૭૧૮ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૨૫૫.૩૮ કરોડનાં ૧૦,૭૮૫ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૬.૮૮ કરોડનાં ૧,૧૦૪ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૨.૨૯ કરોડનાં ૨૩.૭૬ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૨૨,૩૫૩.૩૮૨ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૯૩૯.૦૯૭ ટન, તાંબાના વાયદાઓમાં ૧૪,૭૯૫.૦૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૧,૩૯૮ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૨,૫૮૬ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૪,૦૨૭ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૧૬,૨૧,૦૭૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૫,૯૩,૦૪,૫૦૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૧૫,૯૮૪ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૨૭૭.૯૨ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૧૮.૨૩ કરોડનાં ૨૧૮ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૭૨૯ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ મે વાયદો ૧૬,૭૨૨ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૭૪૮ અને નીચામાં ૧૬,૭૦૦ બોલાઈ, ૪૮ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૩૧ પોઈન્ટ ઘટી ૧૬,૭૧૨ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧૪૪૧૯.૫૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૩૬૦.૯૧ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૭૫.૨ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૧૭૬૮.૩૭ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૧૧૪.૯૨ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૨૪૦.૧૪ કરોડનું થયું હતું. સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ મે રૂ.૬,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૩૫.૯૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૫૨ અને નીચામાં રૂ.૧૧૪.૬૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૧.૬૦ ઘટી રૂ.૧૩૦.૬૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ મે રૂ.૧૯૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૭.૨૫ ખૂલી, ઉપરમાં રૂ.૭.૫૦ અને નીચામાં રૂ.૬.૪૦ રહી, અંતે રૂ.૧.૨૦ ઘટી રૂ.૬.૭૦ થયો હતો. સોનું મે રૂ.૬૩,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૯૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૯૦ અને નીચામાં રૂ.૧૫૫ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૬ ઘટી રૂ.૧૭૬.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની મે રૂ.૬૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૭૧૬.૫૦ ખૂલી, ઉપરમાં રૂ.૭૯૩ અને નીચામાં રૂ.૬૮૫ રહી, અંતે રૂ.૫૨ ઘટી રૂ.૭૭૩.૫૦ થયો હતો. ચાંદી જૂન રૂ.૭૮,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨,૧૯૯ના ભાવે ખૂલી, રૂ.૧૪૦.૫૦ ઘટી રૂ.૨,૧૩૭ થયો હતો, જ્યારે ચાંદી-મિની જૂન રૂ.૭૭,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૨,૨૦૦ના ભાવે ખૂલી, રૂ.૧૨૧.૫૦ ઘટી રૂ.૨,૩૪૬ થયો હતો. તાંબુ મે રૂ.૭૪૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૫.૫૭ ઘટી રૂ.૧૫.૭૬ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોન્ટ્રેક્ટ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ મે રૂ.૬,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૨૦.૨૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૫૪ અને નીચામાં રૂ.૧૧૫.૫૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૧.૭૦ વધી રૂ.૧૩૭.૪૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ મે રૂ.૧૮૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૬.૫૦ ખૂલી, ઉપરમાં રૂ.૭.૬૫ અને નીચામાં રૂ.૬.૩૦ રહી, અંતે રૂ.૧.૭૦ વધી રૂ.૭.૪૦ થયો હતો. સોનું મે રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૮૬ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૯૨.૫૦ અને નીચામાં રૂ.૧૬૪ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧.૫૦ ઘટી રૂ.૧૭૯ થયો હતો, જ્યારે સોનું-મિની મે રૂ.૬૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦૦ ખૂલી, ઉપરમાં રૂ.૫૬૫ અને નીચામાં રૂ.૫૦૦ રહી, અંતે રૂ.૫૮ વધી રૂ.૫૫૭ થયો હતો. ચાંદી જૂન રૂ.૭૭,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨,૩૩૧ના ભાવે ખૂલી, રૂ.૧૨૮ વધી રૂ.૨,૪૪૭ થયો હતો, જ્યારે ચાંદી-મિની જૂન રૂ.૭૭,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૨,૨૩૮ના ભાવે ખૂલી, રૂ.૧૩૨ વધી રૂ.૨,૩૬૯ થયો હતો.

# ગોવામાં ત્રીજી G-20 ડેવલપમેન્ટ વર્કિંગ ગ્રૂપની બેઠક યોજાઈ, વિદેશી પ્રતિનિધિઓ ભારતીય મહિલાઓના યોગદાન અંગે માહિતગાર થયા



પણજી, ૯ મેઃ G-20 ડેવલપમેન્ટ વર્કિંગ ગ્રુપ (DWG)ની ત્રીજી બેઠક ગોવામાં યોજાઈ હતી. ૮ થી ૧૧ મે દરમિયાન યોજાયેલી આ બેઠકમાં ૫૨૦ સભ્યો, ૯ આમંત્રિત દેશો અને વિવિધ આંતરરાષ્ટ્રીય અને પ્રાદેશિક સંગઠનોના ૮૦ થી વધુ પ્રતિનિધિઓએ હાજરી આપી હતી. ઢઉઝ મીટિંગના બીજા દિવસની શરૂઆત 'ECHO' ના ઉદઘાટન સાથે થઈ. આ પ્રસંગે 'મહિલા નેતૃત્વ વિકાસ' પર એક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ટકાઉ વિકાસ સુનિશ્ચિત કરવામાં મહિલાઓની ભૂમિકા દર્શાવવામાં આવી હતી. આ પ્રદર્શનમાં મહિલાઓની આગેવાની હેઠળના વિકાસ, પોષણ, આબોહવા પરિવર્તનના મુદ્દાઓ અને આર્થિક સશક્તિકરણમાં તેમના યોગદાનમાં ભારતની તાકાત દર્શાવવામાં આવી હતી. આ બેઠકની અધ્યક્ષતા ભારતના DWGના સહ-અધ્યક્ષ- વિદેશ મંત્રાલયના સંયુક્ત સચિવ શ્રી કે.કે. નાગરાજ નાયડુ અને ઈનમ ગંભીર દ્વારા કરવામાં આવી હતી. DWG બેઠકનું ઔપચારિક ઉદઘાટન વિદેશ મંત્રાલયના સચિવ (આર્થિક સંબંધો) શ્રી દમ્મુ રવિના વિડીયો સંદેશથી કરવામાં આવ્યું હતું. બેઠકના બીજા દિવસે કુલ ત્રણ સત્રોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંબોધન કરતા, કેન્દ્રીય વિદેશ મંત્રાલયના સંયુક્ત સચિવ (G-20) ઈનમ ગંભીરે જણાવ્યું હતું કે, ''પ્રદર્શનમાં પાયાના વ્યવસાયો, મહિલા ઉદ્યોગસાહસિકો, પર્યાવરણવાદીઓ અને મહિલા જૂથો સાથે કામ કરતા લોકોને દર્શાવવામાં આવ્યા. વધુમાં તેમણે જણાવ્યું કે, આ પ્રદર્શન પ્રતિનિધિઓ માટે ગોઠવવામાં આવ્યું છે કારણ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સૂચવવામાં આવેલા વિકાસ કાર્ય જૂથ માટે મહિલાઓના નેતૃત્વમાં વિકાસ એ ખૂબ જ મહત્વપૂર્ણ પ્રાથમિકતા છે. તેમણે કહ્યું કે મહિલાઓના નેતૃત્વમાં વિકાસ, પોષણ, આબોહવાની સમસ્યાઓ અને આર્થિક સશક્તિકરણ પર ભાર મૂકવામાં આવે છે. અમારો પ્રયાસ ભારતની પાયાની મહિલાઓ આ પહેલોનું નેતૃત્વ કરી રહી છે તે દર્શાવવાનો છે. સત્રો વચ્ચેના વિરામ દરમિયાન મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના સહયોગથી 'મહિલાઓના નેતૃત્વમાં વિકાસ'ની થીમ પર એક પ્રદર્શનનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ગોવા સરકારના સહયોગથી, G20 પ્રતિનિધિઓને પણ ગોવાના સમૃદ્ધ વારસાની ઝલક જોવા મળી. ગોવા સરકારના કેટલાક વરિષ્ઠ મહાનુભાવોએ પણ આ પ્રસંગે સામાજિક કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. DWG મીટિંગ પહેલા ૮ મેના રોજ મહિલા નેતૃત્વ વિકાસ પર એક સાઈડ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. ઈવેન્ટ દરમિયાન, લિંગ સમાનતા અને મહિલાઓની આગેવાનીમાં વિકાસ હાંસલ કરવા આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય નિર્ણય લેવાની પ્રક્રિયામાં મહિલાઓની સંપૂર્ણ ભાગીદારી પર ચર્ચા કરવામાં આવી હતી. અગાઉ, G-20 ડેવલપમેન્ટ વર્કિંગ ગ્રૂપ (DWG)ની બેઠક ગયા વર્ષે ૧૩ થી ૧૬ ડિસેમ્બર દરમિયાન મુંબઈમાં યોજાઈ હતી જ્યારે DWGની બીજી બેઠક આ વર્ષે એપ્રિલમાં કેરળના કુમારકોમમાં યોજાઈ હતી.

# Rai'ns Secured 5th Position in Patent Conclave SYMBICLAVE




Rai University's School of Pharmacy students Shreyansh Singh Rajput, Deepak Tiwari, and Swami Sumit participated in the Patent Conclave SYMBICLAVE organized by Symbiosis University of Applied Sciences and Wegrow. Under the guidance of their faculty mentor Ms. Jankhana Baraiya, the students presented their innovative idea in the health care domain titled POP NUPRO - an alternative protein and nutrition supplement. Out of 70 national and international researcher teams, Rai University secured the 5th position for their idea, aimed at reducing malnutrition, iron and hemoglobin deficiency through dietary supplements.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

NEWS OF GANDHINAGAR_P-4